સુવિચાર

સુખ આવે ત્યારે છકી ન જવું અને દુઃખ આવે ત્યારે હિંમત ન હારવી. નમ્રતા અને ઈમાનદારી હેમખેમ રાખવી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૧/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૧૪ વર્ષ : ૧૯ અંક : ૦૨૭


## બેરોજગારી અને મંદીનાં માહોલમાં વેપારીઓને બંધ પસંદ નથી

# અમરેલીમાં અર્ધા દિવસનાં બંધનાં એલાનને મિશ્ર પ્રતિસાદ

**નિર્દોષ યુવતીને ન્યાય આપવાની માંગ સાથે શરૂ થયેલ આંદોલનરૂપે બંધનું એલાન અપાયેલ**

**બપોરનાં ૧૨ વાગ્યા સુધી અપાયેલ બંધને સફળ બનાવવામાં વેપારીઓ ઉદાસીન**

**ડો. જીવરાજ મહેતા ચોકમાં શરૂ થયેલ આંદોલનને હવે સુરત સુધી પહોંચતું કરાશે**

**પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ બંધમાં સહકાર આપનાર વેપારીઓનો આભાર માન્યો**



સાવરકુંડલા, તા. ૧૧
અમરેલીજિલ્લાજનહિપરંતુ સમગ્ર ગુજરાતમાં જે ચર્ચાના ચગડોળે ચડેલ મુદ્દો એટલે કે હાલમાં જ જે નકલી પત્રકાંડની ઘટના જેમાં ખાસ કરીને એક દીકરીને આરોપીના કઠોડામાં મૂકતાં સમગ્ર અમરેલી જિલ્લાનું વાતાવરણમાં ગરમાયુંહતું. એવાસમયેઅમરેલીનાપૂર્વ ધારાસભ્યપરેશધાનાણીનાનેતૃત્વહેઠળ નારી સ્વાભિમાન આંદોલનના મંડાણ થયા હતાં. દીકરી કે જેનું નામ પાયલ છે તેને ન્યાય અપાવવા માટે ઉપવાસ શરૂ થયા હતાં અને બે દિવસના ઉપવાસનાં અંતે તેમણે અમરેલી શહેરના દુકાનદારોને આ સંદર્ભે માત્ર અડધો દિવસ સ્વૈચ્છિક બંધ પાળીને પ્રતિકાત્મક સહયોગ માંગ્યો હતો. આમ અમરેલીની જનતા જનાર્દનને અડધો દિવસ પોતાના

અનુસંધાન પાના ૬ ઉપર

### એક તરફ બિસ્માર માર્ગ અને બીજી તરફ અકસ્માતની ઘટના

# ધારી-ચલાલા માર્ગ ઉપર પરબડી ગામનાં પાટીયા નજીક બે એસ.ટી. બસ સામસામે ધડાકાભેર અથડાઈ

**સતાધાર-તળાજા રૂટનાં ચાલકે ફતેપુરા-ધારી રૂટનાં ચાલક સામે ફરિયાદ નોંધાવી**



અમરેલી, તા. ૧૧

સલામત સવારી એસ.ટી. અમારીનાસુત્રોસાથેમુસાફરોનીહેરફેર કરતી બસમાં રોજ બરોજ અકસ્માતની ઘટનાઘટતીહોયછે.ત્યારેધારી-ચલાલા રોડ ઉપર પરબડી ગામના પાટીયા પાસે આજેસવારનાઆશરેપોણાછવાગ્યાના સુમારે બે એસ.ટી. બસ સામસામે ધડાકાભેરઅથડાતાબંનેએસ.ટી.બસના ચાલકને ઈજાઓ થવા પામી છે. જયારે આ બસમાં બેઠેલા તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયેલ છે. આ બનાવમાં સતાધાર-તળાજા રૂટના બસ ચાલકે ફતેપુરા-ધારી બસના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ભાવનગરના તળાજા જકારી-નાકા રોડ જલારામ સોસાયટી પ્લોટ નં. ૨૯માં રહેતા ભાલુભા મેરૂભા ગઢવી નામના એસ.ટી. ડ્રાઈવર પોતાના હવાલાવાળી એસ.ટી. બસ નંબર જી.જે.-૧૮ ઝેડ-૭૫૪૭ સતાધાર-તળાજા રૂટની બસમાં મુસાફર ભરીને નીકળેલ હતા અને આશરે પોણા છ વાગ્યાના સુમારે ધારી-ચલાલા રોડ ઉપર પરબડી ગામના પાટીયા પાસે પહોંચતા સામેથી આવતી બીજી એસ.ટી. બસ ફતેપુરા-ધારી રૂટની વાદળી કલરની એસ.ટી. નંબર જી.જે.-૧૮ ઝેડટી-૦૧૭૭ના ચાલકે પોતાના કબ્જામાની એસ.ટી. બસ પુર ઝડપે અને રોંગ સાઈડમાં ચલાવી અને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા સતાધાર-તળાજા રૂટની એસ.ટી. બસ સાથે આગળના ભાગેથી ભટકાવી અકસ્માત કરી દીધેલ હતો. જેથી આ અકસ્માત થવાથી બસ ચાલક ભાલુભા મેરૂભા ગઢવીનો પગ ફસાઈ ગયેલ હતો. તેમના હવાલા વાળી એસ.ટી. બસનો આગળનો બસનો કાચ પણ તુટી ગયેલ હતો અને જમણા પગની નળાના ભાગે ઈજા થયેલ અને આ ગંભીર ઈજાથી હાડકુનો ભાગ દેખાતો હતો અને ત્યારબાદ આ અકસ્માત કરનાર બંને બસના ચાલકોને એમ્બ્યુલન્સમાં સારવાર માટે પ્રથમ ચલાલા સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ હતા અને આ ડ્રાઈવર ભાઈને ત્યાં ઉતારી બીજા બસ ચાલક ભાલુભા મેરૂભા ગઢવીને અમરેલી સિવિલ હોસ્પિટલમાં લાવી દાખલ કરેલ હતા.

### એડી ચીફ જ્યુ. મેજી. કોર્ટમાં એડવોકેટ કૌશલ પંડયાની દલીલો સફળ

# ચિતલ : જશવંતગઢમાં થયેલ મારામારીનાં ગુન્હાના ૫ આરોપીઓનો નિર્દોષ છુટકારો

**૧૦ વર્ષ પહેલા ઘટનામાં શંકાનો લાભ આપી આરોપીને છોડી મુકાયા**



અમરેલી, તા. ૧૧

અમરેલીના જાણીતા એડવોકેટ કૌશલભાઈ બી. પંડયાની દલીલો ધ્યાને લઈ અમરેલીના એડી ચીફ જયુ. મેજી. સૈયદ દ્વારા પાંચ આરોપીઓને શંકાનો લાભ અપાવી. છોડી મુકતો હુકમ કરેલ છે.

બનાવતી વિગત એવા પ્રકારની છે કે, અમરેલી એડી. ચીફ જયુ. કોર્ટમાં હાલન આરોપી (૧) અમરશીભાઈ પ્રેમજીભાઈ પરમાર

અનુસંધાન પાના ૬ ઉપર


જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,500/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુધ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

ઉપલબ્ધ સારવાર
- ઓર્થોપેડિક & પોલીટ્રોમાં
- આથ્રોસ્કોપીક સર્જરી
- ગાયનેક - પ્રસુતિ
- યુરોલોજી સર્જરી
- જનરલ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- જનરલ મેડીસીન
- ક્રિટીકલ કેર
- પોઈઝન સેન્ટર
- આઈ.સી.યુ
- એસ. આઈ. સી. યુ
- ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
24 x 7 કલાક ઈમર્જન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીક્લેઈમ | GSRTC-ST માન્ય | અકસ્માત સહાય યોજના | આયુષ્માન ભારત યોજના
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
હોસ્પિટલ 02792-222223, 99782 23000 ઈમરજન્સી 99782 93000

## આબાલ–વૃધ્ધ સહિત સૌ કોઈમાં મકરસંક્રાંતિને લઈને ઉત્સાહનો માહોલ

# બાબરાની પતંગ બજારમાં પંજાનો ભાવ રૂપિયા ૧૫ થી ૨૫૦

### દોરાની વેરાયટીમાં રૂપિયા ૯૦થી લઈને ૧૫૦૦ સુધીની ફીરકીનું વેચાણ

### કાગળ અને પ્લાસ્ટિકની અવનવી પતંગનું આગવું આકર્ષણ

### કાર્ટુન અને છોટા ભીમ, ટોમ એન્ડ જેરી, પુષ્પાની પતંગ પણ વેચાઈ રહી છે

### માસ્ક, ચશ્મા કેપ સહિતની સપોર્ટિંગ ચીજવસ્તુઓમાં ખરીદી વધી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

આગામી ૧૪જાન્યુઆરીના રોજ ઉત્તરાયણના પર્વની લોકો ધામધૂમથી ઉજવણી કરે છે. આ તહેવાર પરિવારના દરેક લોકો સાથે મળી ઉજવણી કરતા હોય છે. ઉત્તરાયણના દિવસે વહેલી સવારથી લોકો ધાબા ઉપર ચડી જતા હોય છે અને પતંગ ઉડાડતા હોય. ચા–પાણી અને નાસ્તાની જિયાફત માણતા માણતા કાપ્યો છે... તેના શોર બકોર વચ્ચે ઉત્તરાયણના પર્વની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે.

ત્યારે હવે ઉત્તરાયણનું પર્વ નજીક આવતા બાબરા શહેરમાં અવનવી અને આકર્ષક પતંગની બઝાર લાગી છે અને ખરીદી પણ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે. કારણ કે બાળકો એક પખવાડિયા અગાઉથી પતંગ ઉડાડવા લાગી જતા હોય છે. હાલ બાબરામાં પ્લાસ્ટિક અને કાગળની અવનવી અને આકર્ષક પતંગનો પંજો રૂપિયા ૧૫ થી ૨૫૦ સુધીનો બઝારમાં જોવા મળી રહ્યો છે. બાળકોમાં આકર્ષક અને ઘેલું લગાડે તેવા મોટું પતલુ, છોટા ભીમ, એવેન્જર, ટોમ એન્ડ ઝેરી કાર્ટૂન પતંગ મળી રહી છે તેમજ આ સિવાય અન્ય પતંગ પણ કલરફુલ અને આકર્ષક ડિઝાઈનમાં જોવા મળી રહી છે. તેમજ પતંગના દોરામાં પણ અવનવી વેરાયટી જોવા મળી રહી છે. જેમાં ૯૦થી ૧૫૦૦ રૂપિયા સુધીની ફીરકીનું વેચાણ જોવા મળી રહ્યું છે તેમજ પતંગ અને દોરાની સાથે બ્યુગલ, માસ્ક, ગોગલ્સ, કેપ, સેફટી ટેપની ખરીદી પણ લોકો મોટા પ્રમાણમાં કરી રહ્યા છે.

બાબરામાં પતંગનો હોલસેલ તેમજ છૂટક વેપાર કરતા મૌલિકભાઈ તેરૈયાએ જણાવ્યું હતું કે, આ વર્ષે પતંગની બઝારમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે પતંગમાં ૨૦%નો વધારો આવતા ગ્રાહકોને થોડી મોંઘી પતંગ મળી રહી છે પણ દોરામાં કોઈપણ જાતનો વધારો નહિ આવતા પતંગ રસિયાઓએ થોડી રાહત અનુભવી છે.

---

## ભૈ વાહ : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના ખેલાડીઓએ શુટીંગમાં ફરી એકવાર નેશનલ કક્ષાએ સિદ્ધિ મેળવી



અમરેલી, તા. ૧૧

અમરેલી, શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના જિલ્લા સ્પોર્ટ્સસ્કૂલના ખેલાડીઓએ SGFI દ્વારા આયોજિત ૬૮મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જે તારીખ ૨ થી ૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભોપાલ મધ્યપ્રદેશ મુકામે યોજાયેલ હતી. તેમાં વિવિધ રાજયોમાંથી બહોળી સંખ્યામાં રમતવીરોએ પાર્ટીસિપેશન કરેલ હતું, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્પોટર્સ સ્કૂલના અંડર–૧૪ ભાઈઓ ટીમમાંથી (૧) તાવિયા ગુંજલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ અને અંડર–૧૯ બહેનો ટીમમાં (૧) પરમાર ધર્મિષ્ઠા (૨) લકુમ કાજલ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળા તેમજ રાજયનું નામ નેશનલ લેવલે રોશન કરેલ. શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી નેશનલ લેવલે સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને સંસ્થા પરિવાર દ્વારા ખેલાડીઓને અને કોચ પૂલકીતાબેન નિંમ્બાવાલ તેમજ ટ્રેનર સાવનભાઈ દેસાઈને શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

---

### ૧.૭૦ લાખ સાયકલની ખરીદીમાં ૮.૫૦ કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ

# સરસ્વતી સાધના યોજના હેઠળ ખરીદાયેલ હજારો સાયકલ વિતરણ થયા વિના ધૂળ ખાય રહી છે

### રાજસ્થાનમાં ૩૮૫૭માં મળતી સાયકલ ગુજરાતે ૪૪૪૪માં ખરીદી : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૧

સરસ્વતી સાધના યોજના હેઠળ ખરીદેલી હજારો સાયકલો વિતરણ થયા વિના ધૂળ ખાય છે, ભંગાર થઈ ગઈ છે, બીજીબાજુ ભાજપ સરકાર નવી સાયકલો ખરીદી માટે ટેન્ડર બહાર પાડી નવા કૌભાંડની તૈયારી કરી રહી છે. ત્યારે ભાજપ સરકારમાં વધુ એક સ્કીમ (યોજના) બની ગઈ છે સ્કેમ (કૌભાંડ) તેવો સ્પષ્ટ આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩–૨૪માં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજની ગરીબ દીકરીઓને સાયકલ આપવા માટે સરકારે સત્ર ચાલુ થાય ત્યારે જુન ૨૦૨૩માં સાયકલ આપવાની હતી. એના બદલે આખી પ્રક્રિયા વિલંબથી થઈ, સાયકલ ખરીદવા માટેના ટેન્ડરમાં પણ વિલંબ થયો. એની પાછળનું એકજ કારણ હતું કે મુખ્યમંત્રીના કાર્યાલયની સીધી સુચનાથી પોતાની માનીતી કંપનીઓને કોન્ટ્રાકટ અપાવવા માટે, ચૂંટણીમાં જેની પાસેથી મોટું ફંડ લેવાનું હશે તેની પાસે "ચંદા દો ધંધા લો"ના નિયમ મુજબ ભાજપની જે કાર્યપધ્ધતિ છે એ મુજબ ટેન્ડરના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો. એના સ્પેસીફીકેશનમાં ફેરફાર કરવામાં આવ્યો, સાયકલના સ્પેસીફીકેશન અને ગુણવત્તા બાબતની કવોલીટી કન્ટ્રોલ સેન્ટરને અવગણીને ડાયરેકટ ટેન્ડર કરવામાં આવે છે. ટેન્ડર પછી જે એજન્સી નક્કી કરવામાં આવી છે, કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવે છે એ બીજા રાજયો કરતા ૫૦૦ રૂપિયા વધારે ચૂકવીને એ કંપની પાસેથી સાયકલ ખરીદવા માટેનું નક્કી કરવામાં આવે છે. ૧ લાખ ૭૦ હજાર સાયકલ અને ૫૦૦ રૂપિયા ગણીએ તો લગભગ ૮ કરોડ કરતા વધારેની રકમ ચૂકવીને સરકાર શું કામ સાયકલ ખરીદી હશે ? કારણ કે ચૂંટણીમાં મોટું ફંડ મળ્યું હશે. એ ખરીદવાના ઓર્ડર આપ્યા પછી એપ્રિલ ૨૦૨૪માં સાયકલની ડીલીવરી આવે ત્યારે કવોલીટી કન્ટ્રોલ સેન્ટર ગાંધીનગર દ્વારા સાયકલની ગુણવત્તા બાબતની એના સ્પેસીફીકેશન મુજબ, ટેન્ડરની કંડીશન મુજબ ચકાસણી કરવામાં આવે છે. એમાં સ્પષ્ટ માલુમ થાય છે કે, હલકી ગુણવત્તાવાળી, સ્પેસીફીકેશન મુજબ ન હોવાની અને આઈ.એસ.આઈ. માર્કના ધોરણો છે ને પરિપૂર્ણ ન કરતી હોવાની હલકી ગુણવત્તાવાળી સાયકલો કંપનીએ સપ્લાય કરી છે. કવોલીટી કન્ટ્રોલ સેન્ટર દ્વારા જેને ચકાસણીમાં ફેલ કરવામાં આવે છે. ત્યારથી આજદિન સુધી સાયકલો હજારોની સંખ્યામાં વિવિધ જિલ્લાઓમાં ધૂળ ખાઈ રહી છે, ભંગાર હાલતમાં છે.

રાજયના ૧૫ થી વધુ જિલ્લામાં ધૂળ ખાતી ૫૦ હજાર જેટલી સાયકલ ભંગાર થઈ ગઈ છે તેને ફરીથી રંગરોગાન કરીને પધરાવી દેવાના કારસાની સાથે ભાજપ સરકારના સાયકલ ખરીદી કૌભાંડ અંગે તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અંકલેર, ખેડા, છોટા ઉદેપુર, ધાનેરા, વડોદરા, નર્મદા, રાજપીપળા, બનાસકાંઠા, બોટાદ, આણંદ, સુરેન્દ્રનગર, જામનગર, દાહોદ, ભરૂચ, ઉના, ગીર સોમનાથ, પંચમહાલ, મોરબી, મહુધા સહિત રાજયમાં ૫૦ હજાર જેટલી ધુળ ખાતી સાયકલો ભંગાર થઈ ગઈ છે. ગ્રીમ્કો દ્વારા ટેન્ડરની પ્રક્રિયા વખતે વાંધા ઉઠાવવામાં આવ્યા હતા એ મુજબ બીડના જે ભાવ આવ્યા છે એ રાજસ્થાનમાં મળેલ ભાવ કરતા ૫૮૭ રૂપિયા અને પશ્ચિમ બંગાળમાં મળેલ ભાવ કરતા ૪૨૫ રૂપિયા વધુ હોય એ બાબતે કંપની દ્વારા ખુલાસા આપવામાં આવેલ તે યોગ્ય રીતે જણાતું નથી એટલા માટે સદર યોજાયેલ બેઠકમાં બીડ રદ કરવા માટે સરકારની મંજુરી મેળવવા માટેનો પત્ર લખવામાં આવે છે, તેમ છતાં સરકાર બીડ રદ કરતી નથી અને એ જ કંપનીને ઓર્ડર આપવામાં આવે છે. ગરીબ દીકરીઓ માટેની યોજનામાં ખરીદાતી સાયકલોમાં ૮,૫૦,૦૦૦,૦૦ રૂપિયા જેટલો ભ્રષ્ટાચારમાં મુખ્યમંત્રીશ્રીની ઓફિસની સીધી સંડોવણી અને સુચનાથી આ કંપનીને ઓર્ડર અપાયો અને મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે.

નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયે ચાર મહિના કરતા વધારે સમય થયો પણ હજુ સુધી પાછલા વર્ષની સાયકલો દીકરીઓને મળી નથી ત્યારે કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ માંગણી છે કે સાયકલની ડીલીવરી જે કંપનીને આપવામાં આવી છે એની ગુણવત્તાની ચકાસણી થાય, સ્પેશીફીકેશન ગુણવત્તાના હોય તો એ કંપની સામે, જવાબદાર અધિકારી સામે કાર્યવાહી થાય અને આખી પ્રક્રિયામાં વિલંબ થયો અને કોની સુચનાથી, કોના લાભાર્થે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે એની તપાસ થાય.

---

### દર વર્ષની જેમ આ વર્ષે પણ

## જાફરાબાદમાં પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેરે વિદ્યાર્થીઓને પતંગ વિતરણ કરી

### ઉત્તરાયણ પર્વની વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી



તસ્વીર : કરણ બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૧

રાજુલાના પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત મેરીટાઈ બોર્ડના અધ્યક્ષ અંબરીશભાઈ ડેર દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ઉતરાયણ પર્વને લઈને જાફરાબાદની સરકારી પ્રાથમિક શાળાઓમાં નાના ભૂલકાઓ વિદ્યાર્થીઓમાં પતંગોનુ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ એકથી ધોરણ આઠ સુધીના બાળકોને પતંગોનુ વિતરણ થતાં નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓ માં અંબરીશભાઈ ડેરના નામનો ઉત્સાહ જોવા મળ્યો હતો તેમજ સમાજીક કાર્યકર તથા કોળી સમાજના અગ્રણી પ્રવિણભાઈ બારૈયા દ્વારા વિદ્યાર્થીઓ ઓને પતંગ ચગાવતી વખતે શું ધ્યાનમાં લેવું જોઈએ તે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે વહેલી સવારથી પતંગ ન ચડાવવું કારણ કે પક્ષીઓ પોતાના માળામાંથી દાણા ચણવા જતા હોય છે અને સંધ્યા સમયે પણ પતંગ ન ઉડાડવા કારણકે પક્ષીઓ સંધ્યા સમયે પોતાના માળામાં જતા હોય છે. તેમજ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢવું નહીં તેમજ વિજળીના તાર કે કેબલને અડશો નહીં વીજળીના કેબલ ઉપર પડેલ પતંગ લેવા લંગર નાંખશો નહીં તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતા મોટા ભડાકા થવાની તથા તાર તુટી જાવા થી અકસ્માત થઈ શકે તેમજ પતંગ લુંટવા માટે રોડ ઉપર લેવા માટે દોડવું નહીં કારણ કે વાહનોની અવરજવર હોય પાંચ રૂપિયાના પતંગ લેવા માટે આપણું અણમોલ જીવન પાંચ રૂપિયાના પતંગ કરતા મોટું છે. તેવું દરેક સ્કુલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવ્યું હતું અને જે પતંગ પર વિતરણ કરવામાં આવી હતી તેમાં પણ સુત્રો છાપેલા હોય તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓ દ્વારા વાંચવામાં પણ આવ્યા હતા પૂર્વ ધારાસભ્ય તેઓ સેવાકીય બાબતે હરહંમેશા તત્પર રહ્યા છે. અને બાળકોમાં પણ લોક સહના વધુ હોય અને દરવર્ષે પણ બાળકો અંબરીશભાઈ ડેરની પતંગોની રાહ જોતા હોય છે. મકરસંક્રાંતિનાં પાવન પર્વ નિમિત્તે સરકારી પ્રાથમિક શાળાઓમાં પતંગોનું વિતરણ કરવામાં આવે તેમજ ૯૮, રાજુલા વિધાન સભા સમાવિષ્ઠ રાજુલા, જાફરાબાદ, ખાંભા, તમામ ગામોની સરકારી પ્રાથમિક શાળાઓમાં પૂર્વ ધારાસભ્યની ટીમ દ્વારા અલગ અલગ ટીમો દ્વારા પતંગોનું વિનામૂલ્યે વિતરણ થતાં વિદ્યાર્થીઓમાં પણ ખુબ જ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો તથા જાફરાબાદ ટીમ દ્વારા સરકારી પ્રાથમિક શાળા કે જે પ્રાથમિક કન્યા શાળા, તથા પ્રાથમિક તાલુકા શાળા, તથા પ્રાથમિક સાગર શાળા, તથા પ્રાથમિક નૂતન શાળા તથા વાપણીયા પ્રાથમિક શાળા, તથા પ્રાથમિક બ્રાન્ચ શાળા, તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું આ પતંગ વિતરણમાં સમાજીક કાર્યકર અને કોળી સમાજના અગ્રણી પ્રવિણભાઈ બારૈયા, તથા પ્રકાશભાઈ બાંભણીયા, તથા ભરતભાઈ બારૈયા, તથા કિશોરભાઈ સોલંકી, તથા ધર્મેશભાઈ બારૈયા, ચંદુભાઈ ભાલિયા, તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી પતંગનું વિતરણ કરવામાં આવ્યું હતું અને અંબરીશભાઈ ડેરએ તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓને મકરસંક્રાંતિ પાવન પર્વની શુભેચ્છા પાઠવી હતી.

---

### ટ્રક ફરતે દોરડા બાંધતા હોય ત્યારે

## સાવરકુંડલામાં અગતરાય ગામનાં આધેડનું મોત થયું

### માથાનાં ભાગે ગંભીર ઈજાથી મોત

અમરેલી, તા. ૧૧

જુનાગઢ જિલ્લાના અગતરાય ગામે રહેતા દાઉદભાઈ અલારખભાઈ હિંગોરા નામના ૪૫ વર્ષિય આધેડ તા. ૮ના રોજ રાત્રે ૧૦ વાગ્યે સાવરકુંડલા–જેસર રોડ બાયપાસ ચોકડી પાસે ટ્રકમાં ભરેલ સામાનના દોરડા કોઈ કારણોસર ઢીલા થઈ જતા તે દોરડા બાંધતા બાંધતા અચાનક તે આધેડ રોડ ઉપર પડી જતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### લોક ડાયરા જેવા અનેક કાર્યક્રમો વચ્ચે

## આજથી ધરાઈ બાલમુકુંદજી હવેલી ખાતે ત્રિદિવસીય મનોરથનો શુભારંભ

### સન્માન સમારોહ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

અમરેલી, તા.૧૧

બાબરાના ધરાઈ ગામે આવેલ બાલમુકુંદજીની હવેલીમાં ત્રણ દિવસ ભવ્ય મનોરથનું આવતી કાલથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણેય દિવસ દરમિયાન શ્રીજીને છાક મનોરથ, કુનવારા મનોરથ, વૃજકમલ મનોરથ ધરવામા આવશે.

આવતીકાલ રવિવારે છાક મનોરથ અને સાથે સાથે રાજસ્વ મહાનુભાવો દિલીપભાઈ સંઘાણી, પરસોતમભાઈ રૂપાલા, કૌશિકભાઈ વેકરીયા, ભરતભાઈ સુતરીયા, જયેશભાઈ રાદડીયા, જનકભાઈ તલાવીયા, જે.વી. કાકડીયા, અંમરીશભાઈ ડેર, પ્રભાતભાઈ કોઠીવાળનું અને યજમાન સરવૈયા પરીવાર ચિતલ વાળાનું સન્માન કરવામા આવશે. સાથે સાથે બ્લડ ડોનેશન કેમ્પ તેમજ લોક ડાયરોનું આયોજન કરવામા આવેલ છે.

આ મનોરથમાં આપ સર્વ વૈષ્ણવને મનોરથ દરમિયાન દર્શન તથા પ્રસાદનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ આપવામા આવેલ છે. આ મનોરથમાં બીજા દિવસે કુનવારો મનોરથ અને ત્રીજા દીવશે વૃજકમલ મનોરથ ધરાશે. મનોરથ દરમિયાન ભેટ, સેવા, સામગ્રી માટે મુખ્યાજી ધર્મેન્દ્રભાઈના ૯૭૨૬૫ ૮૯૩૮૯ પર પુછપરછ કરવા જણાવામાં આવેલ છે.






---

## સાવરકુંડલામાંથી વિદેશી દારૂની ૨૦ બોટલ પોલીસે ઝડપી લીધી

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલાના દેવળા ગેટ વિસ્તારમાં નેસડી પીકઅપ બસ સ્ટેન્ડ પાસે રહેતા વિમલભાઈ કાળુભાઈ આંબલીયા નામના આરોપીએ તા. ૧૦ના રોજ બપોરના ૩ઃ૧૫થી ૪ વાગ્યા સુધીના સમય દરમિયાન સાવરકુંડલા ગામે આવેલ મહાકાળી ચોક પાસે પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની રીંગપેક બોટલો નંગ–૨૦ કિંમત રૂપિયા ૧૫૦૦ના મુદ્દામાલ સાથે મળી આવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### કોંગ્રેસના બંધનાં એલાનનો ફિયાસ્કો થયાનો દાવો

## અમરેલીમાં બંધનાં એલાનમાં ન જોડાયેલ વેપારીઓનો ચેમ્બર મંત્રીએ આભાર માન્યો

### ધારાસભ્ય કૌશિક વેકરિયાની અપાર લોક ચાહના છે

ચલાલા તા. ૧૧

સંતભુમી અને કવીની અમરેલી ભુમીને છેલ્લા પંદર દિવસથી બનાવટી લેટરકાંડ મુદે આખા ગુજરાતમા ચકડોળે ચડાવી છે.. એવી નબળી માનસિકતા ધરાવતી કોગ્રેસના આજના અમરેલી બંધના એલાનને સમગ્ર વેપારી જગતે પોતાની નારાજગી બતાવી પોત પોતાના નાના મોટા તમામ વેપાર ધંધા ચાલુ રાખી જાગૃત વિકાસશીલ અને લોકપ્રિય ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને ખલ્લુ સમર્થન આપવા બદલ તમામ નાના મોટા વેપારી ભાઈઓનો અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી અને આપનો ભાઈ પ્રકાશ કારીયા આપનો અંતકરણ પુર્વક દિલથી અભિનંદન પાઠવુ છુ સાથે ધન્યવાદ અને આભાર વ્યક્ત કરૂ છુ.



અમરેલીના લોકપ્રિય ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ પોતાના સ્વભાવ અને કાર્યથી જે ગતી થી અમરેલી વિધાનસભાનો વિકાસ કરી રહ્યા છે.. તેવો વિકાસ આજદિન સુધી મા કયારેય થયો નથી.. તે વાસત્વીક હકીકત છે.. તેના કારણે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી જીલ્લામા ટુંક સમયમા અઢળક અને ગજબની લોકપ્રિયતા હાંસલ કરી રહ્યા છે.. તે અભૂતપૂર્વ લોકપ્રિયતાને સાંખી અને સહન નહી કરી શકનાર કોંગ્રેસે દિકરીના નામે હલકી કક્ષાની રાજનીતિ કરી અમરેલી બંધનુ એલાન આપી નાના વેપારીઓના વેપાર ધંધા બંધ રખાવી તમો શુ ચાબીત કરવા માગો છો.. દિકરીના નામે રાજનીતિ કરી આખા ગુજરાતમા અમરેલીની પવિત્ર ભુમીને બદનામ કરનાર કોંગ્રેસને અમરેલી જનતા કયારેય માફ નહી કરે.. અંતમા અમરેલી શહેરના વેપારીઓની સલામતી સહીતના વેપારીઓના ગમે તેવા પ્રશ્નના ઉકેલ માટે અને વેપારી મીત્રોના સહકાર સહયોગ આપવા માટે લોકપ્રિય ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની ડેલી અડધી રાત્રે ખુલ્લી જ છે.. અને તેનો ફોન ૯૪૨૬૪ ૪૨૭૦૩ પણ અડધી રાત્રીએ રણકતો જ રહે છે તે મારા અનુભવ પર થી તમામ વેપારી મિત્રોને ખાત્રી સાથે બધાનો આભાર વ્યક્ત કરૂ છુ.

## શહેરીજનો માત્ર સવારનાં ૭થી બપોરનાં ૨ સુધી રજૂઆત કરી શકશે

# લ્યો બોલો : બગસરામાં ભૂગર્ભ ગટરની કામગીરી બપોરબાદ બંધ

**એક તરફ તોતિંગ વેરો વધારતી પાલિકા સુવિધા આપવામાં કરે છે ઠાગાઠૈયા**

**જાતિ, જ્ઞાતિ અને ધર્મનાં નામે મત મળી જતાં હોવાથી શાસકોને મતદારોને સુવિધા આપવાની ચિંતા નથી**

**પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધીની ચૂંટણીમાં છેલ્લા એક મહિનામાં જનતાની સમસ્યાને ભૂલાવી દેવાતી હોય છે**

**જનતા જનાર્દન મતદાનનાં દિવસે જાગૃત બનીને મતદાન કરે તો શાસકો સુવિધા આપશે**











તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૧

બગસરા પાલિકા દ્વારા નવી નીતિ બહાર પાડવામાં આવી. જો પાલિકાના કોઈપણ વિસ્તારમાં ગટર ઉભરાતી હોય તો સફાઈ કરવાનો સમય ફકત સવારના સાતથી બે દરમિયાન જ આવી રીતે પોતાની મનમાની કરતા પાલિકા સત્તાધીશોની ઘોર બેદરકારી સામે આવી છે. જયારે શહેરના નાના બસ સ્ટેન્ડ વિસ્તારમાં છેલ્લા બે દિવસ થયા ગટર ઉભરાઈને અતિ દુર્ગંધ મારતા પાણી રોડ ઉપર ફરી લોકોને તેમજ વેપારીઓને પોતાની દુકાનોમાં બેસવું પણ માથાના દુઃખાવા સમાન બની ગયું છે. જયારે આ દુર્ગંધ યુકત પાણી લોકોને એટલી હદે નડતરરૂપ થઈ રહ્યું છે કે ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. ત્યારે લોકો દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં પાલિકાના સત્તાધીશો દ્વારા આ ભૂગર્ભ ગટરની સફાઈ ન થતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે સાથો સાથ લોકોમાં રોષ પણ ફેલાઈ રહ્યો છે. હમણાં થોડા સમય પહેલા જ સમગ્ર બગસરાના વેપારીઓએ પોતાનો ધંધા રોજગાર બંધ કરી સુવિધા પુરી ન મળવાને કારણે વેરો વધારો નહીં તે બાબતે વિરોધ દર્શાવ્યો હતો અને સમગ્ર બગસરાએ બંધ રાખી રોષ ઠાલવ્યો હતો.

જયારે આ બાબતે એક જાગૃત નાગરિક દ્વારા પાલિકાના ફાયર સ્ટેશનની મુલાકાત લઈ ભૂગર્ભ ગટર વિભાગને જાણ કરી તો ત્યાં બોર્ડ મારેલું જોવા મળ્યું કે ભૂગર્ભ ગટરની સફાઈનો સમય સવારે સાતથી બે દરમિયાન જ છે. તો કાલે સફાઈ થશે તેવા બહાના કરીને બે દિવસ વીતી ગયા છતાં સફાઈ કર્મીઓ દ્વારા ભૂગર્ભ ગટરની સફાઈ કરવામાં આવેલ ન હોવાથી વેપારીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. જયારે પાલિકાના સત્તાધિશો દ્વારા હાલમાં જ ભૂગર્ભ ગટર વેરો અઢીસો રૂપિયા કરવામાં આવેલો છે. ત્યારે વેપારીઓ દ્વારા કહેવામાં આવેલ છે કે વેરો તો વધારી દીધો પણ સફાઈ તેમજ સુવિધાના નામે મીંડું વાળી રહેલા સત્તાધિશો ઉપર અમરેલી કલેકટર તેમજ ભાવનગર આરસીએમ દ્વારા ઓચિંતી મુલાકાત લઈ શહેરની સુવિધા વિશે જાણે અને વેરા વધારાના નિર્ણયને ત્યારબાદ આગળ વધારે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### ધારાસભ્ય તળાવીયાએ કર્યુ ભૂમિપૂજન

## બાબરાનાં ઘુઘરાળા ગામે રૂપિયા ૪૫ લાખનાં ખર્ચે આરોગ્ય કેન્દ્ર બનશે

**ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**





બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ નવા આરોગ્ય કેન્દ્રની સ્થાપના માટે રાજય સરકાર દ્વારા અંદાજિત ૪૫ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, આરોગ્ય સમિતિના ચેરમેન અનિભાઈ કુંજડિયા, કોટડાપીઠા જીલ્લા પંચાયત સીટના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, દેવળીયા મોટા જીલ્લા પંચાયત સીટના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વીરોજા, તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ રામાણી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખો મહેશભાઈ ભાયાણી અને ભરતભાઈ બુટાણી, સામાજીક ન્યાય સમિતિ ચેરમેન મોહનભાઈ ખુમાણ સહિત ગ્રામ પંચાયતના સરપંચ, સદસ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ નવા આરોગ્ય કેન્દ્રથી ઘુઘરાળા ગામના લોકોને આરોગ્ય સેવાઓ મેળવવા માટે દૂર દૂર સુધી જવું પડશે નહીં. ગામના લોકોને નજીકમાં જ સારવાર મળશે અને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવશે.

## રાજુલામાંથી પ્રતિબંધિત ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરીનું વેચાણ ઝડપાયું



અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે પ્લાસ્ટીક, સીન્થેટીક મટરીયલ ટોક્ષિક મટરીયલ, લોખંડ પાઉડર, કાચ વિગેરેથી તૈયાર કરેલ પાકા દોરા જેમા ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ કરવો કે તે હેતુથી વેચાણ કરવા માટે પ્રતિબંધ અંગેના જીલ્લા મેજી. અમરેલી દ્વારા જાહેરનામું બહાર પાડેલ હોય અને વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ હોય અને મકરસંક્રાતિ તહેવારમાં પતંગો અને ચાઈનીઝ દોરી તથા ગુબારા પર્યાવરણ અને પક્ષીઓનું જાનનું ખુબજ મોટુ જોખમ હોય. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાની સુચના હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના ટાઉન વિસ્તારમાંથી પેટ્રોલીંગ દરમ્યાન રાજુલા ગામે રહેતી નસીમબેન સુલ્તાનશા પઠાણ નામની મહિલા ઈસમને વેચાણ માટે લીધેલ ચાઈનીજ દોરીની ચાઈનીઝ પ્લાસ્ટીક દોરીની નંગ-૫ ફીરકી નંગ ૫ કિંમત રૂપિયા ૧૫૦૦ના મુદામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### દામનગર પંથકની પરિણીતા પરેશાન

## સરંભડા ગામનાં ઈસમે પરિણીતાનાં ફોટો વાયરલ કરી મારી નાખવાની ધમકી આપી

**પરિણીતાએ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૧

દામનગરના આંબેડકર ચોક પાસે રહેતા નામની ૨૭ વર્ષિય પરિણીતા તથા અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતા આરોપી પિયુષ ભરતભાઈ દાફડાને નવેક વર્ષ પહેલા મિત્ર સંબંધ હોય અને પરિણીતાના બીજી જગ્યાએ લગ્ન થઈ ગયેલ હોય. જેથી આરોપીએ પરિણીતાને પોતાની સાથે લગ્ન કરવાનું કહી ગત તા. ૨૨/૮/૨૪ રોજ બપોરે ૧ વાગ્યાથી આજદિન સુધીમાં અમરેલી બસ સ્ટેશન ખાતે મળવા બોલાવી પરિણીતાના આધારકાર્ડ તથા સ્કુલના કાગળો તથા રોકડા રૂપિયા ૨૦૦૦ માંગીને લઈ ગયેલ હતો અને પરિણીતાની સંમતી વગર આરોપીએ પરિણીતાના મિત્રસંબંધ વખતના ફોટાઓ ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કરી અને લગ્ન નહીં કરે તો પરિણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી તથા પરિણીતાના ફોટાઓ ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કરતા આ અંગે પરિણીતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



















**પ્રકરણ : ૨૧૭ - ૧૯૬૨**

**ફીર આને લગા યાદ.. વો.. હી... પ્યાર.. કા... આલમ.. ઈકરાર કા આલમ**

**યે દિલ કિસ કો દૂ... લાગ કેહતે હૈ તો સચ હી કેહતે હોંગે..**

**કિતની હસીન... હો... તુમ..**

**પ્રિય વાચક મિત્રો,**

આ સપ્તાહમાં મકર સંક્રાંતિ એટલે કે ઉતરાયણનો પવિત્ર તહેવાર છે, આ દિવસે સૂર્ય પુજાનું ખાસ મહત્વ હોય છે, પણ થોડા વર્ષોથી આ તહેવારને પતંગ ઉત્સવ સાથે જોડી દેવાયો છે, પતંગ ઉત્સવ અને ઉતરાયણનું કોઈ પણ રીતે ધાર્મિક સંયોજન કોઈ શાસ્ત્રમાં દર્શાવ્યું નથી. હિન્દુ ધર્મના આ તહેવારને અલગ રીતે ઘણા વર્ષોથી ઉજવવામાં આવી રહ્યો છે, જે આગળ જતાં આવનાર પેઢીને આ તહેવારના ધાર્મિક મહત્વથી અલગ કરી દેશે, જેમાં શંકાને કોઈ સ્થાન નથી. ચીની ખેડૂત એક ટોપીને હવામાં ઊડતી રોકવા માટે, ટોપી સાથે એક દોરો બાંધતો હતો, અને ત્યારબાદ તેમાંથી પતંગને પ્રોત્સાહન મળ્યુંહતું, ૨૦૦૦ વર્ષ પેહલા પતંગ કાપડની બનાવવા માંઆવતી હતી, પતંગ ઘણા વર્ષો પૂર્વેએક સંદેશ મોકલવા માટેનું સાધન હતી, ભારતમાં પણ ચીની લોકો પતંગ લાવ્યા છે, આજે ચાઈનાની ઘણી પ્રોડકટસ ભારત અને વિદેશમાં ધૂમ મચાવે છે, જેમાં વાઈરસ પણ સામિલ છે, તેવી પતંગ આજે ઘણા દેશો માં પ્રચલિત છે, પણ હિન્દુ શાસ્ત્ર મુજબ આપણાં તહેવાર અને પતંગને કોઈ સંબંધ નથી, હાલની પેઢી તેમના બાળકોને હિન્દુ તહેવાર અને સૂર્ય પુજાનું મહત્વ નહી સમજાવેતો આ તહેવાર પતંગ ઉત્સવરૂપે




જ ઉજવાશે. ધીમે ધીમે હિન્દુ ધર્મોના તહેવારોનુંધાર્મિક મહત્વ ઘટતુંજાય છે, અને અલગ સ્વરૂપથી તેને ઉજવવા માં આવી રહ્યા છે, જેમ કે નવરાત્રિ અને ઉતરાયણ, તેના પ્રમુખ ઉદાહરણ છે, જેનુંધાર્મિક મહત્વ માતા પિતાએ તેના સંતાનોને વારસામાં આપવું જરૂરી છે.

હિન્દી સિનેમામાં એક કુટુંબ ધાર્મિક બાબત અને રૂઢિચુસ્તામાં જાણીતુંહતું કપૂર ફમિલી, આજે કપૂર પરિવારના પિતા અને પુત્રની ફિલ્મોની વાત કરીશું. પ્રથમ પુત્ર એટલે કે શશિ કપૂરની ફિલ્મોની વાત કરીયે, અને લેખના અંતે પૃથ્વી રાજ કપૂરની ફિલ્મ વિષે વાત કરીશું.

યે દિલ કિસ કો દૂ – શશિ કપૂરને હજુ હિન્દી સિનેમામાં સફળતા મળ ી નથી, તેના મોટા ભાઈ શમ્મી કપૂર સુપર સ્ટારના પદ તરફ ગતિ કરી રહ્યા છે, રાજ કપૂર પણ સક્રિય છે, પણ શશિ બાબાને સફળતા મળતી નથી, શશિ બાબાને પ્રથમ હિન્દી સિનેમાના હોલીવુડ સ્ટાર કહી શકાય તેવી ફિલ્મ પણ આ વર્ષે આવી પણ સફળ તાના મળી. શશિની આ વર્ષે ચાર ફિલ્મો આવી જેમાં એક ફિલ્મમાં તેઓ એક ગીત પૂરતા તેના ભાઈ શમ્મી સાથે જોવા મળશે. કનક મિશ્રાના નિર્દેશન અને બી ડી કપૂરના નિર્માણમાં, કમર જલાલા બાદીના ગીતો અને ઈકબાલ કુરેશીના યાદગાર સંગીત સાથે, શશિ કપૂર, રાગિણી, આગા, જયશ્રી ગડકર, અનવર હુસેન, અસિત સેન, કમલ મેહરા, સજન, મોની ચેટરજી, અને જીવનથી અભિનીત આ ફિલ્મ માત્ર રફી સાહેબ અને ઉષા ખન્નાના સ્વરમાં ગવાયેલ ગીત .. ફીર આને લગા યાદ વહી ..પ્યાર કા આલમ, અને રફી સાહેબના અન્ય રેર સોંગથી યાદ કરાય છે. ઉષા ખન્ના એક સંગીતકાર રૂપે સફળ થઈ ચૂકયા છે, પણ અહી પાશ્વ ગાયકીમાં સાંભળવા મળે છે. આ ફિલ્મની નાયિકા રાગિણીએ લોકપ્રિય અભિનેત્રી પદ્મિનીની બહેન છે, જે હિન્દી સિનેમામાં સફળ રહ્યાના હતા, આ ફિલ્મની કહાની અગાઉ દેવ સાહેબની સફળ ફિલ્મો અસલી નકલી અને માયામાં આવી ચૂકી છે, તે મુજબ એક ધનિક યુવાન શશિને કોઈ સાચો પ્રેમ કરતો વ્યક્તિ મળતો નથી, તે ગરીબ આગા સાથે દોસ્તી કરે છે, અને કહે છે કે તે એક ધનિક વ્યક્તિ છે, જે તેની સાથે સાચી લાગણીથી જોડાશે તેને તે એક લાખ રૂપિયા આપશે, તે સમયે એક લાખ એટેલ આજના દસ લાખ કરતાં વધુ કિમતના હતા, શશિ આગાના ફાટેલા વસ્ત્રો પેહરી જતો રહે છે, અને આગાને ધન આપતો જાય છે, આગા દ્વારા એક લાખની વાત અખબાર સુધી પહોચે છે, અને શહેરમાં ગરીબો પ્રત્યે લાલચુ લોકો હમદર્દી દર્શાવતા જોવા મળે છે, શશિની મુલાકાત એક સર્કુસમાં કામ કરતી યુવતી રાગિણી સાથે થાય છે, પોતાને ગરીબ બતાવી તે પણ સર્કુસમાં નોકરી મેળવે છે, રાગિણીનો પ્રેમ મેળવે છે, અંતે પ્રેમની આટી ઘૂટીથી બહાર આવી શશિ તેની ઓળખ આપે છે, અને તેને સાચો પ્રેમ મળે છે. આ ફિલ્મ સફળ ના રહી.

ધ હાઉસ હોલ્ડર .. (ઘરબાર ) – આ ફિલ્મ એક વિદેશી નિર્દેશક જેમ્સ આઈવોરી, જે એક સફળ નિર્માતા અને નિર્દેશક હતા, જેઓ હિન્દી આવૃતિમાં ઘણી





ફિલ્મો બનાવશે જેની વાત આગળ કરતાં રહશું, જેમ્સ તેમની કારકિર્દીમાં આજે પણ સક્રિય છે, તેઓ ઈસ્માઈલ મર્ચન્ટ સાથે ભાગીદારીમાં હિન્દી આવૃતિની અંગ્રેજી ફિલ્મો બનાવતા હતા, આ ફિલ્મમાં શશિ કપૂર, લીલા નાયડુ, દુર્ગા ખોટે, અચલા સચદેવ, પિંચુ કપૂર, પ્રયાગ રાજે અભિનય આપેલ હતો, સાસુ અને વહુના ઝગડાએ સામાન્ય બાબત છે, અને લગભગ ઘણા ઘરોમાં આ વય મર્યાદાના લીધે થતાં પ્રશ્નો જોવા મળે છે, અહી લીલા અને શશિ પતિ પત્ની છે, પણ શશિની માતા દુર્ગા ના લીધે પતિ પત્ની વચ્ચે સંઘર્ષ થાય છે, જેનો શશિ સામાજિક રીતે ઉકેલ લાવી દે છે., એકંદરે આ ફિલ્મ જોવા લાયક છે, પણ દર્શકોને પસંદ પડીના હતી. ફિલ્મ ભારતમાં સફળ ના રહી.

હોલિડે ઈન બોમ્બે – પી એલ સંતોષીના નિર્દેશનમાં, અને શિરીષ પાઠકના નિર્માણમાં, શશિ કપૂર, વિજયા ચૌધરી, રાજેન્દ્ર નાથ, નસિમ બાનુ, ધુમાલ, રાજન હકસર, ઉલહાસ, રણધીર, અને લક્ષ્મી છાયાથી અભિનીત આ ફિલ્મનું સંગીત એન દતાએ આપ્યું હતું બોમ્બે શહેરમાં બે યુવકો ફરવા આવે છે, અને પ્રણય માં બંધાઈ જાય છે, અને તેની પ્રેમિકા મેળવવા માટેની આ કોમેડી ફિલ્મ સફળ રહી ના હતી, લક્ષ્મી છાયાએ ગુજરાતના છે, પણ તેમની ઓળખ તેમની આગામી ફિલ્મોમાં કરીશું.

પૃથ્વી રાજ કપૂર સાથે સુરૈયાની આ ફિલ્મને પ્રદર્શિત થવામાં વિલબ થયેલ, અભિનેત્રી સુરૈયા, જેની લોકપ્રિયતાની બાબતે આજ સુધી હિન્દી સિનેમાની કોઈ અભિનેત્રી પહોચી શકી નથી તેવી પ્રતિભા શાલી અભિનેત્રી સુરૈયાની આ છેલ્લી હિન્દી ફિલ્મ છે,

રૂસ્તામ સોહરાબ – વિશ્રામ બેડેકરના નિર્દેશનમાં, અને એફયુ રામસે જેને હિન્દી સિનેમા આગળથી હોરર કિંગના





નામે જાણશે તેના નિર્માણમાં, જાની સાર અખતર અને કમર જલાલા બાદીના ગીતો, અને સુરૈયા, મન્ના ડે, તલત મેહમુદ , લતાજી, રફી સાહેબના સ્વરના ગીતો સાથે, સજ્જાદના સંગીતમાં આ ફિલ્મમાં પૃથ્વીરાજ કપૂર, સુરૈયા, પ્રેમનાથ, મુમતાઝ, સજ્જન, હીરા લાલ, આઝાદ, મુરાદથી અભિનીત આ ફિલ્મ સફળ રહી નહીં. ફિલ્મની કહાની એવી છે કે પૃથ્વી એટલે કે રૂસ્તામ એક સૈનિક છે, અને તેની મુલાકાત ઈરાનની શહેઝાદી સુરૈયા સાથે થાય છે, બન્ને વચ્ચે રકઝક બાદ પ્રણય અને શાદી થાય છે, અને એક પુત્ર પ્રાપ્ત થાય છે, પણ દુશ્મનો સાથેની લડાઈમાં સુરૈયા અને પૃથ્વી અલગ થઈ જાય છે, સમય જતાં તેનો પુત્ર પ્રેમનાથ એક યોદ્ધા બને છે, અને દુશ્મનો બન્ને પિતા પુત્ર વચ્ચે લડાઈ કરાવે છે, જેમાં પૃથ્વીના હાથે પ્રેમનાથ ઘાયલ થાય છે, ત્યારે પૃથ્વીને ખબર પડે છે કે તે તેનો પુત્ર છે, અને પ્રેમનાથ દુનિયા છોડી દે છે. આ ફિલ્મ રૂસ્તામ સોહરાબ કવિતા પર આધારિત હતી,


૧૯૬૩માં કુલ ૧૧૭ ફિલ્મો આવી, પણ આપણે મોટાભાગની ફ્લોપ ફિલ્મોનો અહી માત્ર ઉલ્લેખ જ કરીયે છીએ, પણ વિસ્તાર પૂર્ણ વાત કરતાં નથી, આ ફિલ્મની વાત માત્ર અભિનેત્રી સુરૈયાની આ છેલ્લી હિન્દી ફિલ્મ હોવાથી કરેલ હતી. અભિનેતા બલરાજ સાહનીની ફિલ્મ અકેલા આવી, જે પણ સફળ રહી ના હતી. જયના નિર્દેશન માં, બલરાજ સાહની, સુલોચના, હની ઈરાનીથી અભિનીત આ ફિલ્મનું સંગીત દતા રામનું હતુ એવી એક ફિલ્મ, ખ્વાઝા અહમેદ અબ્બાસના નિર્દેશનમાં, અને નયા સંસારના બેનરમાં આવી, જેનું નામ હતુ શહેર ઔર સપના , જેપી કૌશિકના સંગીતમાં, અને અબ્બાસની કહાની, વન થાઉસન્ડ નાઈટ પર આધારિત આ ફિલ્મ હતી, જે ફૂટપાથ નિવાસી ભારતીયો પર પ્રકાશ પાડતી ફિલ્મ હતી, આ ફિલ્મ શહેરી કરણના બદલાતા રૂપને ઉજાગર કરતી હતી, ફિલ્મને નેશનલ પુરુસ્કારથી સન્માનીત કરવામાંઆવી હતી, નાના પલસીકરને બેસ્ટ સુપોર્ટિંગ અકટરનો ફિલ્મફેર એવાર્ડ પ્રાપ્ત થયો હતો, દિલિપ રાજ જેપી જયરાજના પુત્ર છે, જે આગળ જતાં હિન્દી સિનેમામાં સફળ રહ્યા નહી, તે અહી હીરોરૂપે જોવા મળે છે, સાથે, સુરેખા પાર્કર, નાન પલસીકર, અનવર હુસેન અસિત સેન, રશિદખાનથી અભિનીત આ ફિલ્મ હતી. મનમોહન કૃષ્ણાએ આ ફિલ્મના ગીતોને સ્વર આપ્યો હતો, આ ફિલ્મ સફળ રહી નહી. આગામી અંકમાં લાયન અજિતની હીરોના રૂપમાં આવેલી સુપર હિટ ફિલ્મ અને મનોજકુમારની ફિલ્મો સાથે મળીશું આભાર.

## ઉતરાયણ : સુર્ય શક્તિ સંગ્રહ( કૌલ્શીયમ+ વિટામીન-ડી ) અને પરીવર્તન (જુનુ ત્યજી નવું અપનાવવાનો ) નો તહેવાર

આજની ચર્ચા ના વિષય માટે મારા પરમ મિત્ર ડો. નીતીનભાઈ ત્રીવેદી (બાળ રોગ નિષ્ણાંત ) એ મોકલાવેલ એક મેસેજથી આ લેખ લખવાનો વિચાર આવ્યો. શરૂઆત મારી પાસે સારવાર લેવા આવેલ નીરાલીબેન ( દર્દીનું નામ બદલાવેલ છે ) ના કેસથી કરીશુ, નીરાલીબેનની ઉમંર ૩૬ વર્ષ છે, નીરાલીબેનનું પીયર અમરેલી અને મુંબઈ સાસરે છે, નીરાલીબેનના લગ્નને ૧૦ વર્ષ થયા છે, હાલમાં તે મુંબઈમાં એક અમેરીકન કંપની મા છેલ્લા ૬ વર્ષથી જોબ કરે છે,. તેનો નોકરી નો સમય રાતના ૮:૦૦ થી સવારના ૪:૦૦ નો છે. તેને કમરનો અસહ્ય દુખાવો રહેતો હતો, એટલે અમરેલી આરામ કરવા આવ્યા હતા, કોઈએ તેમને આયુર્વેદ સારવાર ની સલાહ આપી એટલે મારી પાસે આવ્યા હતા, મે તેમને તપાસ્યા એમની ફરીયાદ એવી હતી કે સાહેબ કમર અસહ્ય દુખ્યા કરે છે, રાત્રે પગ બહુ કળે છે, થાક ખુબ લાગ્યા કરે છે, મુંબઈમાં લગભગ દરેક જગ્યાએ સારવાર લીધી પણ જયા સુધી દવા લવ સારૂ રહે છે જેવી દવા બંધ કરૂ કે દુખવા માંડે છે, એટલે હવે તો દવાથી એટલી બધી કંટાળી છુ કે સાહેબ કોઈ દવા લેવી નથી, મે તેમની પાસે રહેલા તેમના બધારીપોટ્ર્સ જોયા, તેમાં એકસ–




રે, એમ.આર.આઈ., સહીતના લગભગ બધા રીપોટ્ર્સ હતા, અને બધા રીપોટ્ર્સ નોર્મલ હતા, મે તેમના રીપોટ્ર્સ મારી પાસે રાખ્યા અને બીજા દિવસે સવારે વહેલા આવવા જણાવ્યુ, (અમારી પાસે મોટા ભાગે લોકો રોગ જુનો થયા બાદ (Chronic) જ સારવારમાં આવતા હોય છે અને એવા રોગો કે જેમાં રોગ ઘણા લાંબા સમયથી ચાલુ હોય પણ રોગ થવાનું દેખીતુ કોઈ કારણ નો દેખાતુ હોય આવા દર્દીમાં તેના રોગના કારણ (નિદાન) માટે જયારે હું એકદમ સ્વસ્થ ચીતે (વહેલી સવારના સમયે) વિચારૂ ત્યારે એ જુના રોગ થવા માટે મોટા ભાગે એવું કારણ જ જાણવા મળે જે એ દર્દીની દિનચર્યા સાથે જોડાયેલું હોય, એટલે જયારે આવા દર્દી અમારી પાસે આવે કે જેનું સ્પષ્ટ નિદાન ન થયું હોય એ દર્દીને હું હંમેશા વહેલી સવારે આવવાનો આગ્રહ રાખું છુ, મને એવું લાગે છે કે દર્દીના નિદાન અને સારવારમાં ડોકટરનું સ્વસ્થચીત ખુબજ અસરકારક હોય છે) એ દિવસે સાંજે મે નિરાંતે નીરાલીબેનના રીપોટર્સ ફરીથી તપાસ્યા તેમાં નીરાલીબેનના કમરનો દુખાવો સતત રહે તેવુ દેખીતુ કોઈ કારણ દેખાતુ નતુ, તેમના રીપોટ્ર્સમાં મને વિટામીન–ડી નો રીપોર્ટ જોવાનો મળ્યો, મે બીજા દિવસે તેમને વિટામીન–ડી નો રીપોર્ટ કરાવવાની સલાહ આપી, જયારે તેમનો રીપોટ્ર્સ આવ્યો ત્યારે મને ખુબ આશ્વર્ય થયુ. તેમનું વિટામીન–ડી 2.3 ng/ml(ng નેનોગ્રામ ml – મીલીલીટર) (૩૦–૧૦૦ 2.3 ng/ml એ નોર્મલ રેંજ છે.) મતલબ કે નીરાલીબેનના શરીરમાં વિટામીન ડી છે જ નહી તેવું કહી શકાય, હવે નીરાલીબેનની રોજની દિનચર્યા ઉપર નજર કરીએ તો નીરાલીબેનની રાત્રે ૮ થી ૪ ની નોકરી હોવાથી વહેલી સવારે ઘરે આવે અને ૧૧:૦૦ સુધી આરામ




કરી, રોજનું રૂટીન કામ પતાવી બપોરે પાછા આરામ કરે, તેમનું ઘર એવી ગીચ જગ્યામાં જયા હવા – ઉજાસ બીલકુલ નહીવત હતા, મતલબ નીરાલીબેનને સીધા સુર્યપ્રકાશના સંપર્કમાં આવે તેવું થતુ જ નહી અને પરીણામે તેમના માં વિટામીન ડી ની ઉણપ સર્જાઈ એવું મને લાગ્યુ, મે તેમને થોડી આયુર્વેદ દવા આપી, માલીશ માટે તેલ આપી અને, તેલ લગાવી રોજ ૧૫ મીનીટ ફરજીયાત તડકે બેસવાની સલાહ આપી, અને ૩ – મહીના પછી ફરી આ વિટામીન–ડી ના રીપોટર્સ કરી મને ફોન કરવા કહ્યુ, દવા લઈ ગયાના લગભગ સાડા ત્રણ મહીના પછી નીરાલીબેનનો ખુબ રાજીપો વ્યક્ત કરતો ફોન આવ્યો, મે તેમના વિટામીન ડી ના રીપોટ્ર્સ વિશે પુછ્યું, મને કહે સાહેબ મારૂં વિટામીન ડી ૨૪.૪૨ થઈ ગયું છે અને પહેલા કરતા ખુબ જ સારૂ લાગે છે, મે તેમને ફરીથી રોજ ૧૫ મીનીટ સુર્યપ્રકાશમાં બેસવાનું ચાલુ રાખવાનું કહ્યું.

‘ આપણા શરીરની વિટામીન ડી ની જરૂરીયાત પુરી કરવા માટે સુર્યપ્રકાશ મુખ્ય સ્ત્રોત છે, વિટામીન ડી આપણા રોજીંદા ખોરાકમાં આપણને લગભગ મળતું નથી (માછલીમાં તે હોય છે), આપણા શરીરની એવી ખાસીયત છે કે તે વિટામીન ડી નો સંગ્રહ કરી શકે છે અને શરીરને જરૂર હોય ત્યારે આપી શકે છે, જો આપણે ત્રણ આખા દિવસનો સુર્યપ્રકાશ લઈએ તો આખુ વર્ષ આપણા શરીરને જરૂરી વિટામીન ડી નો સંગ્રહ થઈ જાય છે. સુર્યપ્રકાશ દ્વારા વિટામીન ડી સંગ્રહ કરવાનો શ્રેષ્ઠ સમયએ શીયાળ ાનો અંત ભાગ ( ઉતરાયણનો સમય) અને ઉનાળાની શરૂઆત નો છે. આપણા શરીરની એવી પણ ખાસીયત છે કે શરીરને જરૂરીથી વધારે કોઈ વિટામીનનો સંગ્રહ નથી કરતું, આપને વિચારે આવે કે જે આખો દિવસ તડકામાં કામ કરતા હોય તેને તો તેની જરૂરીયાતથી વધારે વિટામીન ડી સંગ્રહ થતું હશેને પણ એવું નથી થતુ, મારી પાસે એક ભાઈ દવા લેવા આવ્યા, એમને પગનો દુખાવો હતો, મે એમને સલાહ આપી કે બહુ ખાટું નહી ખાતા, મને કહે સાહેબ મને ડોકટરે એવું કહ્યુ છે કે તમારે વિટામીન સી વધારે મળે એવો ખોરાકની જરૂર છે, એટલે આખો દિવસ લીંબુ જ ચુસ્યા કરૂ છુ, મે એમને સમજાવ્યા કે તમારાશરીરની જરૂરીયાત પુરતું જ વિટામીન સી સંગ્રહ કરશે બાકીનું પેશાબ વાટે શરીર બહાર કાઢી નાખશે.

મિત્રો આપણા દરેક તહેવાર પાછળ આપણા વિચક્ષણ પુર્વજોની દિર્ઘદ્રષ્ટી છુપાયેલી હોય છે, જેનો મુખ્ય હેતુ સમાજ વ્યવસ્થા અને સ્વાસ્થ્યનો હોય છે.

મિત્રો આજે ઉતરાયણ છે, શા માટે ઉતરાયણના દીવસે મમ્મી સવારે તલ ચાવી કોગળા કરવાનું કહેતા? તલના લાડુ ખવરાવતી, સાંજે ખીચડો ખવરાવતી અને ઉતરાયણના દિવસે ખુલ્લા આકાશમા કેમ પતંગ ચગાવવાની ત્યારે આવી ખબર નહોતી પડતી, પણ આયુર્વેદ ચીકીત્સક તરીકે મે આ બાબતે દ્રષ્ટી કરી ત્યારે મે જે જાણીયુ એને માટે આપણા વિચક્ષણ પુર્વજો ને શત – શત નમન કરવાનું અને શા માટે દુનીયા ભારતને જગતગુરૂ સમજતી તે સમજાય.

ઉતરાયણના દિવસે આખો દિવસ આપણે તલ ના લાડુ કે ચીકી ખાઈએ છીએ તલની અંદર સૌથી વધુ કૌલ્શીયમ હોય છે. (૧૦૦ ગ્રામમાં ૯૭૫ મી.ગ્રા.), હવે મિત્રો આ આખી કડીને જોડો એટલે સમજાશે કે ઉતરાયણ દિવસે આખો દિવસ ખુલ્લા આકાશમાં પતંગ ઉડાવવાનો અને તલ ખાવાનું શુ મહત્વ છે. આમ આપણા તમામ તહેવાર પાછળ કોઈને કોઈ સ્વાસ્થ્ય હેતુ હોય જ છે.

અમારી પાસે સાંધાના દુખાવાની ફરીયાદ લઈને આવતા દર્દીઓને અમે હંમેશા તેલ લગાવી કુણાતડકે બેસવાની સલાહ આપીએ છીએ, મીત્રો આપણે સવારે સ્નાન કરી સુર્યનારાયણને જલ અર્પણ કરીએ છીએ તેમાં પણ આ જ હેતુ છુપાયેલ છે. સુર્યશક્તિ અને ઉર્જા પ્રાપ્ત કરવા એક અનુભુત પ્રયોગ બતાવું છુ. સવારે સ્નાન કર્યા બાદ નિયમીત રૂપે સુર્યને અર્ધ્ય (જલ અર્પણ કરવું) આપી ૨૪ – ગાયત્રીમંત્ર બોલવા (મન માં નહી) જેમાં ૐ નો ઉચ્ચાર થોડો દીર્ઘ અને ઉંડે થી બોલવો ૨૪– ગાયત્રી મંત્ર બોલતા અંદાજે ૪–મિનીટ જેટલો સમય લાગશે, આપણા શરીર ની દૈનીક ની વિટામીન ડી જરૂરીયાત પુરી કરવા રોજ ૪ થી ૫ મીનીટનો સુર્યપ્રકાશ પુરતો છે. આપ આ પ્રયોગ કરી જુઓ આપને અદભુત લાભ થશે. પ્રાચીનકાળથી સુર્ય ઉપાસનાનું મહત્વ રહેલું છે. વિશ્વના સૌથી પ્રાચીન ગણાતા ઋગ્વેદમાં સુર્ય માટે પતંગ શબ્દ વપરાયો છે. એટલે જ આપણે ઉતરાયણના દિવસે સુર્યપુજા ના પ્રતીકરૂપે પતંગ ઉડાવીએ છીએ,

સુર્ય એકરાશીમાંથી બીજી રાશીમાં સ્થળાંતર કરે તેને સંક્રાતી કહે છે, આ પ્રમાણે વર્ષમાં કુલ ૧૨ સંક્રાતીઓ થાય છે. પરંતુ સુર્ય ધન રાશીમાંથી મકર રાશીમાં સ્થળાંતર કરે છે ત્યારે મકરસંક્રાતી શરૂ થાય છે જે ૧૪ – ૧૫ જાન્યુઆરી આસપાસ નો સમય હોય છે, આ સમયે સુર્ય પૃથ્વી આજુ બાજુની પોતાની પરીભ્રમણ ની દિશામાં પણ પરીવર્તન કરી થોડોક ઉતર દિશા તરફ ખસે છે આમ સુર્ય ઉતર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉતરાયણ તરીકે ઓળખવામાં આવે છે.

આકાશએ અનંત છે, આકાશ સામે એક ધાર્યુ જોવાથી તમારામાં વિશાળતાનો અને સર્વની સ્વિકુતીનો ભાવ આવશે, આકાશ સામે જોવાથી તમારામાંથી નેગેટીવી ઓછી થઈ નવી ઉર્જાનો સંચાર થશે, ઉતરાયણએ પરીવર્તનનો સમય છે, જુનુ ત્યજી અને નવુ અપનાવવાનો સમય છે, દક્ષિણાયન અંધકારનો સમય છે એટલા માટે આ સમય આપણે કોઈ શુભ કામ નથી કરતા જયારે ઉતરાયણ પ્રકાશનો સમય છે તેથી તેને શુભ માનવામાં આવે છે, એટલે જ ઉતરાયાણથી આપણે કમુર્તા પુરા થયા છે એવું સમજી શુભ કાર્યોનો પ્રારંભ કરીએ છીએ, આવા સમયે જો દાન કરવામાં આવે તો તમારામાં એક સંતોષનો ભાવ થશે.

તો, ચાલો મીત્રો આ વર્ષે ઉતરાયણના દિવસે સવારમાં તલ ચાવી, તેના વડે દાંત ચોખ્ખા કરી, તલના તેલથી સર્વાંગ માલીશ કરી, તલના લાડુ કે ચીકી ખાય, આખો દીવસ સુર્ય શક્તીનો સંગ્રહ કરી પતંગ ઉડાવવાની મોજ કરીને નવી ઉર્જા સાથે શરીર – મનને રીચાર્જ કરી લઈએ.

**મર્મબિંદુ :–** પદયાત્રા કરતો ત્યારે મારા આહારમાં કુલ ૧૨૦૦ – ૧૩૦૦ કેલરી રહેતી. ડોકટરોને બહુ નવાઈ લાગતી કે આટલા બધા શ્રમ છતાં આટલી ઓછી કેલરીમાં કેમ ચાલીશકે છે ? હું કહેતો કે હું સૌથી વધારે આકાશ ખાઉં છુ. મારા આહારમાં નંબર એકમાં આકાશ છે. નંબર બેમાં વાયુ, અને નંબર ત્રણમાં સુર્યકિરણ, પછી ચોથા નંબરમાં પાણી. વધારેમાં વધારે આકાશ – સેવન ઉપરાંત ચિતની પ્રસન્નતાએ ઉતમ આહાર છે.

(વિનોબા ભાવે) ડો.ભાવેશ કે.મહેતા, મો.૯૪૨૬૨૮૭૯૦૮, mail drbkmehtarmo @gmail.com

## *લગ્ન જીવનની સમી સાંજે અતૂટ સંબંધ અને સાથ વિખેરાય - ગ્રે ડિવોર્સ, - સિલ્વર સ્પિલટર્સ - ડાયમંડ ડિવોર્સ *




સુનિતાબેનનાં ઘરે મોટી ઉંમરની લેડીસની કિટ્ટી પાર્ટીનું આયોજન હતું. સુનિતાબેનનાં ઘરે યોજાયેલી આ કિટ્ટી પાર્ટીમાં બધા એ જ ખૂબ મજા કરી. અને પછી બધા વાતોએ વળગ્યા. વાતોમાંથી વાત નીકળી કે, પેલા ભાવનાબેન અને તેમના હસબન્ડ કિરીટભાઈએ ૪૦ વર્ષનાં લાંબા લગ્ન જીવનમાંથી ગ્રે–ડિવોર્સ લીધા...! લગભગ બધી જ લેડીસને આ વાત અચરજ પમાડે તેવી હતી. સૌ કોઈને પ્રશ્ન થયો કે, ભાવનાબેનને એવીતો શું તકલીફ થઈ ગઈ કે, તેમણે આટલુ લાબું સહજીવન સાથે વિતાવ્યા બાદ ડિવોર્સ લેવાની જરૂર પડી ? તો કોઈ વળી એમ બોલ્યું કે, તેમના બન્ને સંતાનો પણ લગ્નને લાયક થઈ ગયા છે, તે બન્નેએ બાળકોનો પણ વિચાર નાં કર્યો ? તો કોઈ ત્રીજું બોલ્યું કે, એલ્લા.... ભાવનાબેનને પરિવાર, સમાજ કે સંતાનની પણ શરમનાં આવી ? તો કોઈ વળી ચોથું બોલ્યું કે,.. ભલા માણસ... આપણને પતિ સાથેનાં ફાવતું હોય તો, છોકરાવ સાથે રહીને લગ્નજીવનને આગળ હાંકતું રેહવું જોઈએ..! તો કોઈ વળી પાંચમાએ ટપકું મુકતા બોલ્યા,કે અરે.... આટલી ઉંમરે કંઈ ડિવોર્સ કે છુટા છુટાછેડા કંઈ આપણને શોભે? આ બધી સહેલીની વાતોને શાંતિથી સાંભળતા અને સૌની મુખાકૃતિને નિહાળ તા ઉર્મિલાબેન બોલ્યા કે, એલી.... બહેનપણીઓ તમે બધા આ ગ્રે ડિવોર્સ – ગ્રે ડિવોર્સ શુ કરો છો ?, વળી આ ગ્રે –ડિવોર્સ એટલે શું વળી? ડિવોર્સ તો ડિવોર્સ કહેવાય, તેમાં વળી આ રંગ કેવો ? ડિવોર્સનાં તો કંઈ રંગ હોતો હશે ?... ત્યાં જ સીમા બોલી, મોટી ઉંમરે લેવામાં આવતા ડિવોર્સને ગ્રે ડિવોર્સ કહેવાય છે. અમેરિકા સંસ્કૃતિમાંથી આ શબ્દ ઉતરી આવ્યો છે. મોટી ઉંમરે પતિ પત્ની છુટા થાય તે ગ્રે ડિવોર્સ. મૂળ તો ગ્રે શબ્દ સફેદ વાળ પરથી ઉતરી આવ્યો છે. કે સૂચવે છે કેવાળ સફેદ થયા બાદ, પંચાવન કે તેની કરતા મોટી ઉંમરે લીધેલા છુટાછેડા. ત્યારથી બધી જગ્યાએ ગ્રે–ડિવોર્સ શબ્દ વપરાશમાં લેવામાં આવે છે.ત્યાં કિટ્ટી પાર્ટીમાં સામેલ રીનાબેન બોલ્યા, – ’ ભાવનાબેન મારાં પાડોશી તો છે, તે ઉપરાંત અમે બન્ને બાળ પણની પાક્કી સહેલીઓ છીએ.’ શું કરે બિચારી ભાવના, કિરીટભાઈને શરૂઆતથી જ ઉંચા સરકારી હોદ્દાની નોકરીમાં, વારંવાર બદલી થતી રહેતી, તેની અકળ ામણ ભોગ ભાવનાને બનવું પડતું, તેમાં પણ કિરીટભાઈનો જિદ્દી, ગુસ્સો, રંગીલી વૃત્તિવાળો સ્વભાવ સહન કરવાનો. કિરીટભાઈ નોકરી અને કોઈવાર મળેલી અસફળતાની અકળામણને કારણે ભાવનાની ઉપર હાથ પણ ઉપાડતા. તો પણ ભાવના સંતાનો માટે બધું મૂંગામોઢે સહન કર્યા કરતી. પરંતુ હવે તો હદ થઈ ગઈ હતી. એક દિવસ કિરીટભાઈ પોતાનાથી વીસ વર્ષ નાની યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો. અને તેનામા મોહાઅંધ બનીને વારંવાર પોતાના ઘરે લાવવા લાગ્યા. હવે તેમણે પરિવાર, સમાજ અને સંતાનનોની શરમ મૂકીને પોતાના મોજશોખ રાચવા લાગ્યા. પરિવાર–સગાસંબંધીની પરવાહ કર્યા વિના દિવસેને દિવસે તે બેફામ બનતા ગયા. ભાવનાબેનની સહનશક્તિ ખૂટી ગઈ અને છેવટે ૪૦ વર્ષનાં દાંમ્પત્યજીવન બાદ ૬૦ વર્ષનાં ભાવનાબેન અને ૬૫ વર્ષનાં કિરીટભાઈએ ગ્રે–ડિવોર્સ ફાઈલ કર્યા. બન્નેનું કાઉન્સેલિંગ પણ થયું, પરંતુ બધું જ વ્યર્થ નીવડયું.આપણા ભારતીય સમાજમાં યુવક – યુવતીઓ લગ્ન કરે તે સહજીવન સાથે વિતાવે પણ અંત સુધી આ લગ્ન જીવનને ટકાવી રાખે તે જરૂરી નથી.આપણે ત્યાં લગ્ન સામે તેના લગ્ન વિછેદનનો કોઈ ચોક્કસ અંક મળતો નથી, પરંતુ કાયદેસર કોર્ટમાં ડિવોર્સનાં જે કેસ ફાઈલ થાય છે તે મુજબ, દર ૧૦૦ લગ્નએ ૧, ડિવોર્સ થાય છે. પરંતુ આ અંક એક અંદાજ માત્ર છે. પરંતુ આપણે આપણા સમાજમાં એવા પણ ઘણા ભગ્ન લગ્ન જીવન જોઈએ છીએ, જે કાયદાની વ્યાખ્યામાં છૂટાછેડામાંનાં આવતા હોય, પરંતુ વર્ષોથી તેઓ અલગ અલગ રહેતા હોય. ઘણીવાર સંતાનો દ્વારા પણ માતા પિતાનાં અંદરૂની ખટરાગને કારણે બન્ને સ્વૈચ્છિક રીતે અલગ રહેવા માટે અનુરોધ કરતા હોય છે. હું તમને એક દાખલો આપુ... માનસી અને તેનો ભાઈ માનસ નાનપણથી જ મમ્મી – પપ્પા વચ્ચેનાં ઝગડાઓ જોતા અને ખિન્ન થતા, બન્ને સંતાનો માતા પિતાનાં આવા રોજબરોજનાં ઝગડાથી કંટાળી ગયા હતા. બન્ને ભાઈ–બહેન મોટા થયા સરસ નોકરીએ લાગ્યા. બન્નેએ મળીને માતા – પિતાને શાંતિથી બેસીને સમજાવ્યા. અને ગ્રે –ડિવોર્સ લેવડાવ્યા. આજે માનસીનાં પપ્પા મુંબઈમાં રહે છે. અને મમ્મી અમદાવાદમાં રહીને પોતના સંગીતનો શોખ પૂરો કરે છે. અને બન્ને પોતપોતાની લાઈફમાં ખુશ છે.

આમ, તો અહીં વાત તો ડિવોર્સની છે, અને તે પણ મોટી ઉંમરે,, લાબું સહજીવન વિતાવ્યા પછી નોખા પડતા યુગલોનાં જીવનની. પહેલાનાં સમયમાં પતિ –પત્નીને એકબીજા સાથે મનભેદ હોય, ખટરાગ હોય, અનબન હોય તો, વાત છુટાછેડા સુધીનાં પોંહચતી. આ પતિ –પત્નીઓ પોતાના સંતાનો માટે –પરિવાર –સમાજ માટે પણ ઘરની વાત ઘરમાં જ રહે તે હિસાબે, ધર્મે – શરમે જન્મારો નિકાળી દેતા. લગ્ન વિછેદન ઓછું વિચરતા. પરંતુ હવે સમય બદલાયો છે. હવે યુવક – યુવતીઓ વધુ હોશિયાર બન્યા છે. અને બોજાવાળું લગ્ન જીવન વેંઢારવા કરતા અલગ થઈને સુખેથી જીવવાનું વિચારે છે.વર્તમાન સમયમાં હવે આવો ભય કે ખંડિત લગ્નજીવનનો ઝાઝો છોછ રહ્યો નથી. અને પરિણામે સ્ત્રી– પુરૂષની પોતાની ઉંમર ૬૦ – ૭૦ વર્ષની હોય અને એમના લગનને ૩૦ – ૪૦ વર્ષ થયા હોય તો પણ બન્ને છુટા પડવાનું, અલગ અલગ રહેવાનું પસંદ કરે છે. તેને લાંબા દાંમ્પત્ય જીવનની કડવાશ કહો કે બીજું કાંઈ પણ આ દંપતીઓ સમાધાન સ્વીકારતા તૈયાર થતા નથી. એક સર્વે પ્રમાણે, મહિલાઓ ઢળતી ઉંમરે ડિવોર્સ લેવાનું વિચારે છે તેની પાછળ મુખ્ય કારણ જવાબદારી છે. અને અન્ય ઘણા કારણો હોય છે. જીવનનો એક લાંબો સમયગાળો પતિ – પરિવાર – બાળ કો પાછળ ખર્ચ્યા પછી પણ જયારે પરિવાર પાસેથી પતિ તરફથી પ્રેમ હૂંફ ન મળે ત્યારે તે છુટા પડી પોતાની મરજીથી જવવાનું વિચારે છે. ગ્રે –ડિવોર્સ માટેની અન્ય કારણોમાં સ્ત્રી અને પુરૂષની આર્થિક સ્વતંત્રતા, શારીરિક સંબંધ, નિવૃત્તિની અસર, સ્વાસ્થ્ય સમસ્યા, લાઈફસ્ટાઈલ પરિવર્તન, કમ્યુનિકેશન ગેપ વગેરે અસર કરે છે.સ્ત્રી અને પુરૂષ માટે વનપ્રવેશ બાદ ડિવોર્સ જેવા ગંભીર વિષયનો નિર્ણય લેવો ખરેખર જ કષ્ટદાયક હોય છે. બન્નેનાં લગ્ન થયા હોય ત્યારે બન્ને વચ્ચે પ્રેમ, હૂંફ, વિશ્વાસ, અને અનેક સારી ક્ષણો પસાર કરી હોય, સુખ દુ:ખ, ચડતી –પડતી જોયા હોય, સાથે મળીને સુંદર એવો માળો બનાવ્યો હોય. બચ્ચાઓને મોટા કર્યા હોય, સાથે હસ્યાં હોય, સાથે રડયા હોય, – જીવનનો આવો સુંદર સમયગાળો વિતાવ્યા પછી જયારે છુટા પડવાનું આવે ત્યારે ઘણી જ તકલીફ પડતી હોય છે. જયારે લગ્નનાં બંધનમાં બંધાયેલી બે વ્યક્તિ સહજીવનનો લાંબો સમયગાળો એકબીજા સાથે વિતાવ્યા બાદ છુટા પડવાનું વિચારે ત્યારે લાગે કે – છુટા પડવાની એ પીડા કરતા સાથે રેહવાની પીડા વધારે કષ્ટદાયી હોતી હશે.

# વીજપડી ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ



તસ્વીર : પ્રફુલભાઈ નગદીયા–વીજપડી

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે વી.ડી. નગદીયા હાઈસ્કૂલ ખાતે આંગણવાડી વિભાગ દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં સાવરકુંડલા તાલુકા પંચાયતના સદસ્ય વિજયજી ચાવડા, પ્રફુલભાઈ નગદીયા, શુભમ ચાવડા, આંગણવાડી વિભાગના સુપરવાઈઝર વર્ષાબેન દુધાત, ડોક્ટર વિજયભાઈ સેતા, તલાટી કમ મંત્રી મોનિકાબેન સોની, ભરતભાઈ ત્રિવેદી, આંગણવાડી ની બહેનો, આરોગ્યનો સ્ટાફ, પ્રાથમિક શાળાનો સ્ટાફ, તેમજ વીજપડી ગામના ભાઈઓ બહેનો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા

## પાના ૧ ઉપરનું ચાલું ૫ આરોપીઓનો નિર્દોષ છુટકારો

(૨) બકુલભાઈ અમરશીભાઈ પરમાર (૩) વિજયાબેન અમરશીભાઈ પરમાર (૪) ગીતાબેન અમરશીભાઈ પરમાર (૫) દક્ષાબેન અમરશીભાઈ પરમાર ઉપર આ કામના ફરીયાદી મંજુલાબેન રામજીભાઈ વાળાનાએ થઈ તા ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ અમરેલી તાલુકાના જશવંતપરા ચિતલ ગામે આ કામના આરોપીઓ વિરૂધ્ધ અગાઉ ફરીયાદ થયેલ હોય જેનુ મનદુઃખ રાખી આ કામના આરોપીઓ આ કામના ફરીયાદી નાઘર આગળ જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી કુહાડી તેમજ પાઈપના ઘા મારી ફેકચરની ઈજા પહોંચાડી તેમજ ઈંટોડાના ઘા કરી સમાધાન નહી કરે તો જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આરોપીઓએ જાહેરમાં ચાતક હથીયારો ધારણ કરી આરોપીઓએ અમરેલીના મહે. અધિક જિલ્લા મેજી.ના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગુન્હો કરેલ હોવા બાબતેની ફરીયાદ આ કામના ફરીયાદીએ આપતા આ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) ૪૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હા નંબર ૧૦૯/૨૦૧૩ નોંધાયેલ જેમા પોલીસ દ્વારા આર્જસીટ થતા ફોજદારી કેસ નં. ૪૭૭/૨૦૧૫ થી કેસ દાખલ થયેલ જે અંગેનો કેસ ચાલી જતાં ઉપરોકત હુકમ કરવામાં આવેલ છે.

## ધારી : હરિપરા પ્રાથમિક શાળાનું ગૌરવ



અમરેલી, તા. ૧૧

કલા મહોત્સવમાં ભારતનાટ્યમ વિભાગમાં રૂડાણી ગ્રંથી સમગ્ર તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ તેમજ ખેલ મહાકુંભની તાલુકા કક્ષાની સ્પર્ધામાં એથ્લેટીક્સ વિભાગમાં ગોળાફેકમાં નીલમ બાંભણીયાએ સમગ્ર ધારી તાલુકામાં પ્રથમ નંબર મેળવી હરીપરા પ્રાથમિક શાળાનું ગૌરવ વધારેલ છે.

## ધારીનાં એસ.ટી. ડેપો નજીકથી દારૂની ૪ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૧૧

ધારી તાલુકાના માણાવાવ ગામે રહેતા હરદિપભાઈ જોરૂભાઈ વાળા નામના આરોપીએ તા. ૧૦ના રોજ સાંજે ૭:૪૫ કલાકે ધારી એસ.ટી. ડેપો પાસે વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ–૪ કિંમત રૂપિયા ૬૪૦ તેમજ એકટીવા કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨૦,૬૪૦ના મુદામાલ સાથે પકડાઈ જઈ તેમજ ધારી તાલુકાના ગરમલી ગામે રહેતા આરોપી ગોપાલભાઈ વાળા હાજર નહી મળી આવેલ આરોપીની શોધખોળ આદરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ

લેવાં માંગ કરશે.

નારી સ્વાભિમાન આંદોલનનાં પ્રથમ તબક્કાનું ધરણા કાર્યક્રમ પુર્ણ જાહેર થયા બાદ આગામી સોમવારથી હવે સુરતથી બીજા તબક્કાનો પ્રારંભ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આ લડાઈમાં કોંગ્રેસ પક્ષનથી, પરંતુ નારીના સ્વાભિમાનની લડાઈ છે તેમાં તમામ સામાજિક આગેવાનો, વેપારી આગેવાનોને આ ન્યાયની લડતમાં સહભાગી થવા જાહેર આમંત્રણ આપ્યું હતું.

અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધરણા કાર્યક્રમ પુર્ણ જાહેર કરી અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશધાનાણીએ આ કાર્યક્રમમાં જે પણ લોકોએ પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે ટેકો આપનારા તથા આજે બંધની અપીલને લઈ અમરેલી બંધ રાખનાર સૌ કોઈ વેપારીઓનો પણ આ તકે આભાર માન્યો હતો અને જયાં સુધી પીડિત યુવતીને ન્યાય નહીં મળે ત્યાં સુધી આ આંદોલન શરૂ રાખવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું.

આજે અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધરણા કાર્યક્રમ પુર્ણ જાહેર કરવા માટેના કાર્યક્રમમાં ઉનાના પુર્વ કોંગી ધારાસભ્ય પુંજાભાઈ વંશ, યુવા કોંગ્રેસના પ્રમુખ સંદીપ ધાનાણી, કોંગ્રેસ અગ્રણી નરેશ અધ્યારૂ, અર્જુનભાઈ સોસા, નંદલાલ ભડકણ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પુર્વ ચેરમેન ટીકુભાઈ વરૂ તથા મનુભાઈ આદરોજા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં અર્ધા દિવસનાં બંધનાં

ધંધા વ્યવસાય બંધ રાખવા જાહેર અપીલ પણ કરી હતી તેમ છતાં મોટાભાગની દુકાનો ખુલ્લી રહી હતી..!! આમ ત્રણ દિવસથી ચાલતું આંદોલન પૂર્ણ થયું અને આગામી સમયમાં આંદોલન સુરત ખાતે કરવાના છે તેવી વાતો વહેતી થઈ.

આમ આ હાઈ વોલ્ટેજ ઘટનાક્રમનું ચક્ર હવે બદલાયેલ જોવા મળતાં લોકમુખે અનેક બાબતો ચર્ચાઈ રહી છે. હવે સવાલ એ પણ થાય છે કે જો સુરત મુકામે આંદોલનના મંડાણ થશે તો લોકો તરફથી કેવો પ્રતિસાદ મળશે ? બીજું ઘટના અમરેલી જિલ્લાની છે તો સુરત આંદોલન કરવાની જરૂર કેમ ઉભી થઈ? આમ અમરેલી ખાતે કુલ ત્રણ દિવસ નારી સ્વાભિમાન આંદોલન શરૂ રહ્યું તેની ફલશ્રુતિ શું? હવે અન્ય જિલ્લામાં આંદોલન કરવાનો હેતુ શું ? આગ જયાં લાગી હોય પાણી તો ત્યાં જ રેડાય ને? જેવી અનેક તર્ક વિતર્કોની ચર્ચા લોકમુખે ચર્ચાઈ રહી છે. જોકે ભવિષ્યના ગર્ભમાં શું છે તે કોઈ જાણતું નથી હોતું પરંતુ હવે આ તમામ બાબતો ચર્ચાને ચકડોળ ચડી છે એ પણ હકીકત છે.. અંતે જનતા જ જનાર્દન છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૪ | ૧૫૦૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૮૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૧૦૧ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૫૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૫૫ | ૧૨૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૨૫ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૬૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૫૦ | ૨૮૫૫ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૫૪૦ |
| ૯ | જુવાર | ૬૧૫ | ૯૩૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૭૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૪૨ | ૬૫૩ |
| ૧૨ | અડદ | ૧૦૨૮ | ૧૪૬૨ |
| ૧૩ | ચણા | ૧૦૧૦ | ૧૨૦૬ |
| ૧૪ | ચોળી | ૯૦૫ | ૧૫૮૫ |
| ૧૫ | તુવેર | ૯૦૦ | ૧૬૫૧ |
| ૧૬ | કપાસ | ૯૫૦ | ૧૫૩૦ |
| ૧૭ | એરંડા | ૧૧૭૧ | ૧૧૯૯ |
| ૧૮ | જીરૂ | ૩૭૯૦ | ૪૫૦૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૪૬૬ |
| ૨૦ | મેથી | ૯૨૦ | ૯૮૦ |
| ૨૧ | સોયાબીન | ૫૩૫ | ૮૩૫ |
| ૨૨ | મરચા લાંબા | ૪૪૦ | ૩૧૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૯૧ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૪૭૫૨ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૧ |
| ૬ | કપાસ | ૧૩૨૫ | ૧૪૮૩ |
| ૭ | ઘઉં લોકવન | ૫૫૧ | ૬૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૯૭ |
| ૯ | બાજરો | ૫૫૧ | ૬૫૧ |
| ૧૦ | જુવાર | ૫૩૧ | ૬૫૦ |
| ૧૧ | મકાઈ | ૫૦૧ | ૬૬૧ |
| ૧૨ | મગ | ૧૦૫૦ | – |
| ૧૩ | અડદ | – | ૧૨૮૦ |
| ૧૪ | ચણા | ૧૦૫૧ | ૧૧૮૧ |
| ૧૫ | ચણા દેશી | – | ૧૧૫૦ |
| ૧૬ | તુવેર | ૧૨૫૧ | ૧૪૩૫ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૧૭૨ |
| ૧૮ | મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૯ | ધાણા | ૧૩૫૦ | – |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૪૬૩ |
| ૨ | મગફળી | ૭૦૦ | ૧૦૮૦ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૪ | અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૫ | મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૨ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૯૮૫ | ૧૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૪ | જુવાર | ૬૬૦ | ૬૬૦ |
| ૫ | સોયાબીન | ૬૨૮ | ૭૭૭ |
| ૬ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૭ | ચણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૮ | મેથી | ૯૧૨ | ૯૧૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૪ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૨ | ૬૪૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૬૧૫ | ૬૫૧ |
| ૪ | સોયાબીન | ૫૨૫ | ૮૦૭ |
| ૫ | મગફળી | ૫૫૦ | ૯૯૦ |
| ૬ | ચણા | ૮૦૦ | ૧૨૧૭ |
| ૭ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૧૩૦ |
| ૮ | ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૧૦ | ૧૧૫૫ |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | તલ કાળા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૫૦ | ૧૧૨૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૮૦ | ૧૦૭૫ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૬૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૭૫ | ૨૧૦૦ |
| ૭ | તલ કાળા | ૩૨૭૫ | ૪૦૦૦ |
| ૮ | જીરૂ | ૩૮૦૦ | ૪૩૦૫ |
| ૯ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ૧૦ | ચણા | ૮૭૫ | ૧૨૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૧૧૪ |
| ૨ | તલ સફેદ | ૨૦૮૧ | ૨૧૫૧ |
| ૩ | તલ પીળા | ૨૬૦૧ | ૨૭૦૧ |
| ૪ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૨ |
| ૫ | બાજરો | ૫૬૫ | ૫૬૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૧ | ૬૯૦ |
| ૭ | જુવાર | ૮૭૦ | ૮૫૮ |
| ૮ | મગ | ૧૦૨૫ | ૨૨૭૩ |
| ૯ | અડદ | ૯૭૫ | ૧૫૯૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૨૫૩ |
| ૧૧ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૨૮ | ૭૭૧ |

# અમરેલી : ગજેરા કેમ્પસનાં વિદ્યાર્થીઓએ હેન્ડબોલ સ્પર્ધામાં ટોપ થ્રીમાં સ્થાન મેળવ્યું



અમરેલી તારીખ ૬ થી ૭ જાન્યુઆરી ૨૫ના રોજ ખેલમહાકુંભ ૩.૦ હેન્ડબોલ ચેમ્પિયશિપનું આયોજન શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ ખાતે થયેલ હતું, તેમાં વિવિધ જિલ્લાની હેંડબોલ ટીમોએ પાર્ટિસિપેશન કરેલ હતું, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાની ૧૦ હેંડબોલ ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી, જેમાં ભાઈઓ બહેનો ટીમોએ કુલ ૬ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૧ – બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે, અંડર ૧૪,૧૭ ભાઈઓની ટીમે ગોલ્ડ મેડલ મેળવેલ અને અંડર ૧૪,૧૭,૧૯ની બહેનોની ટીમે ગોલ્ડ મેડલ મેળવેલ, તેમજ અંડર–૧૪,૧૭ ભાઈઓની ટીમે સિલ્વર મેડલ અને અંડર–૧૪ની બહેનોની ટીમે સિલ્વર મેડલ મેળવેલ, તેમજ અંડર–૧ના ભાઈઓની ટીમ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ જે અમરેલી જિલ્લા અને શાળાનું ગૌરવ વધાર્યુ વિદ્યાર્થીઓને રમત ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ રવિભાઈ નાવડીયા તેમજ ટ્રેનર અંશભાઈ પટેલ, કાજલબેન ડાંગરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૭૪ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા – અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૪મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ – ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થા વડા પુ.ડો. રતિદાદા, અને ડોકટરઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ.ડો.રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું. શારદાબેન ગોવિંદભાઈ ગોંડલિયા હ. મીનાબેન મનીશભાઈ ગોંડલિયા – દિશાબેન અમરેલીનાં આર્થિક સહયોગથી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલા કરી હતી, જે પૈકી ૪૪ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. આયુર્વેદિક કેમ્પમાં ડો. ગૌસ્વામી તથા પ્રકાશભાઈ એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દંતયજ્ઞમાં તથા અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલા : શિબિરમાં બાળ રોગ નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૧

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રીમતી વી.ડી ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજના એન.એસ.એસ. વિભાગની ખાસ શિબિર અમરેલીના બાબાપુર ગામના 'સર્વોદય સરસ્વતી મંદિર' મુકામે ચાલી રહીછે. જેમાંતા૮/૧/૨૦૨૫નારોજબાળ રોગનિષ્ણાત ડો.આઈ કે. વીજળીવાળાઅનેતેમનીમેડિકલટીમવિનામૂલ્યે ચેકઅપ તથા દવાઓ સાથે પધારેલ હતાં, જેમાં સવારે ૧૦:૦૦થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી બાબાપુર અને આજુબાજુના ગ્રામ્યવિસ્તારનાવાલીઓબાળકોનેલઈને મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલ હતાં અને લાભ લીધેલ હતો. આ કાર્યક્રમમાં સર્વોદય સરસ્વતીમંદિરનાનિયામકમંદાકિનીબેન પુરોહિત, શ્રીમતીકૃતિકાબેનશાહ, શ્રીમતી છાયાબેનશાહ, મિલિંદભાઈ મુનિ ગામના આગેવાનો, વડીલો ઉપસ્થિત રહેલ હતાં, આ કેમ્પને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફિસર ડો.હરિતા જોશી ડો. કે.પી. વાળા, સ્વયંસેવિકા બહેનો, પી.ટી.સી.કોલેજના આચાર્યા શ્રીમતી નસીમબેન, લલિતભાઈ અને સર્વોદય આશ્રમના સમગ્ર સ્ટાફે ખૂબ જ જહેમત ઉઠાવેલ હતી.

## રાજુલા : શહેનશાહ એ યા તાજનશાહ પીર બાપુનો ઉર્ષ મુબારક યોજાશે




રાજુલા, તા. ૧૧

રાજુલાશહેરમાંસુપ્રસિદ્ધએવી જગ્યા કે જયાં યા તાજનશાહ પીર બાપુ તથા આઈ ખોડીયારમાં બિરાજમાન છે તેવા શહેનશાએ યા તાજેનશાહ પીર બાપુનો મુબારકદરવર્ષનીમાફકઆવર્ષેપણતારીખ ૧૩/૧/૨૦૨૫નાં રોજ નક્કી કરેલ છે ત્યારે સવારથી જ ભકિત ભાવની સાથે આ કાર્યક્રમ શરૂ થઈ જશે ત્યારે આ પ્રસંગે રાજુલા કોમી એકતા દ્વારા ધર્મપ્રિય જનતાને આ ઉર્શમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે જેમાં દર વર્ષની માફક આ વર્ષે પણ બહેનોની મજલીસ ૧૩/૧/૨૦૨૫સોમવારેબપોરના ૩:૩૦નાં શરૂ થશે અને પુરૂષોની મજલીસ ૧૩/૧/૨૦૨૫નેરાત્રે ૯:૩૦ કલાકે શરૂ થશે ત્યારબાદ ચંદન તથા ચાદરનું જુલસનો સમય રાત્રિના ૧૧:૩૦ કલાકે રાખવામાં આવેલ છે ચંદન તથા ચાદર પેઢી દર પેઢીથી ધાખડા પરિવાર દરબાર મનુભાઈ વીરાભાઈ દ્વારા ચાદર ચડાવવામાં આવે છે

જેનોસમયરાત્રી૧૨:૦૦કલાકે રાખવામાં આવેલ છે રાજુલા શહેરનું કોમી એકતાનુંઉત્તમઉદાહરણઅનેઆસ્થાનુંપ્રતીક એટલેતાજનશાહ પીર અને ખોડીયારમાં એક સાથેરાજુલાશહેરમાંએટલેઆશહેરમાટેકોમી એકતાનાદર્શનસૌથીમોટીવાતએછેકેરાજુલા શહેરની આ જગ્યા એટલે કે તાજનશાહ પીર બાપુની જગ્યા અને આ જગ્યાને પીરબાપુના ડુંગરા તરીકે ઓળખવામાં આવે છે અને સાથે સાથે આ જગ્યા પર ખોડીયારમાં પણ બિરાજે છેઅનેખાસઉલ્લેખનીયબાબતેછેકેઆજગ્યા ઉપર આજ દિન સુધી કયારેય તાળું મારવામાં આવ્યું નથી તે જ સેથી મોટી શ્રદ્ધાની વાત છે.

### સુરક્ષા સેતુ હેલ્પલાઈન નંબર જાહેર કરાશે

## રાજકોટ : કૂર્મી સેના વ્યાજખોરો અને અસામાજીક તત્વો સામે જાગૃતી ઉભી કરશે

### આંતરારાષ્ટ્રીય સમૂહ લગ્ન સહિતની સેવાકીય પ્રવૃતિઓ હાથ ધરાશે



રાજકોટ, તા. ૧૧

રાજકોટ સમગ્ર દેશમાં અને વિદેશમાંવસવાટકરતાપટેલ–પાટીદાર–કૂર્મી –કુનબીમરાઠા–કમ્મા–ખડાયાત–ગુર્જરનાં નામથી પ્રચલિત કિસાન જાતિની સામાજિક એકતા માટે નવનિર્મિત સંગઠન આંતરરાષ્ટ્રીય કૂર્મીસેનાનાંવહીવટીકાર્યાલયનોઆગામી ૧૨, જાન્યુઆરી, રવિવારનાં રોજ સ્વામી વિવેકાનંદનાં જન્મદિન પર રાજકોટ ખાતે શુભારંભકરવામાંઆવીરહ્યોછે. આંતરરાષ્ટ્રીય કૂર્મીસેનાનાંકાર્યાલયનુંસમાજનાંશ્રેષ્ઠીઓઅને નવ યુવાનો ની હાજરીમાં ઉદઘાટન કરવામાં આવશે. કૂર્મી સેનાનાં યુવાનો દ્વારા ઉદઘાટન સમારોહને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવીરહીછે. કૂર્મીસેનાદ્વારા ૧૨, જાન્યુઆરીનાં રોજઆપ્રસંગેએકખાસહેલ્પલાઈનનંબર પણ જાહેર કરવામાં આવશે. પ્રવર્તમાન સમયમાં શહેરોમાં મધ્યમ વર્ગ આર્થિક ભીંસને કારણે મુશ્કેલીનો સામનો કરી રહેલ છે અને તેને કારણે સામૂહિક આપઘાતનાં બનાવો પણ મોટી સંખ્યામાં સામે આવી રહ્યા છે ત્યારે આ બાબતે સંગઠનદ્વારાસક્રિયકામગીરીકરવામાંઆવશે. વ્યાજખોરોઅનેઅસામાજિકતત્વોનાંત્રાસસામે આંતરરાષ્ટ્રીયકૂર્મીસેનાસમાજનેસુરક્ષામળેતે માટેઆ હેલ્પ લાઈન નંબર જાહેર કરી રહેલ છે. આંતરરાષ્ટ્રિયકૂર્મીસેનાદ્વારાજેવહીવટીકાર્યાલય શરૂ કરવામાંઆવીરહ્યુંછેત્યાંથી કેટલાકવિશેષ સેવાકીયપ્રકલ્પોસમાજનીએકતાઅનેવૈચારિક જાગૃતિ માટે શરૂ કરવામાંઆવશે જેમાં મુખ્યત્વે સામાજિકએકતાનાંઉદ્દેશ્યસાથેસમાજમાંજન્મ લઈને વિવિધ ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી કરનાર મહાનુભાવોનાં જન્મ અને નિર્વાણ દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવું, સમગ્ર સમાજમાં રોટી – બેટીનો વ્યહવાર સ્થાપિત કરવા માટે આંતરરાજય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવું, સમાજનાંલોકોનીસલામતી માટેએક્શનકમિટીબનાવીસમાજનેગુંડાઓ – વ્યાજખોરો – અસામાજિક તત્વો સામે સુરક્ષા કવચ પૂરૂ પાડવું, સમાજનાંયુવાનોમાં શારીરિકઅનેબૌદ્ધિકક્ષમતા કેળવવા વિવિધ સ્પર્ધાઓનુંઆયોજન કરવું, ખેતી – વ્યાપાર –ઉદ્યોગ–આરોગ્ય–શિક્ષણજેવાવિવિધ ૧૫ ક્ષેત્રોમાં નક્કર કામગીરી માટે બુદ્ધિજીવી અને અનુભવીલોકોનીસમિતિબનાવવી, સમાજમાં વૈચારિકજાગૃતિમાટેપુસ્તકો–મેગેઝિનપ્રસિદ્ધ કરી સાહિત્ય ક્ષેત્રે નક્કર કામગીરી કરવી – સમાજનાંલેખકો – કવિઓ – સાહિત્યકારો – કલાકારોને પ્લેટફોર્મ પૂરૂ પાડવું, સમાજનાં જરૂરિયાતમંદલોકોમાટેદાતાઓનાસહયોગથી વિવિધસેવાકીયપ્રવૃત્તિઓકરવીવગેરેનોસમાવેશ કરવામાંઆવેલછે. કૂર્મીસેનાનાંમુખ્યસલાહકાર અશોકભાઈ દલસાણીયા, અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયા, મહામંત્રીચિરાગકાકડીયા, રાજકોટ શહેર મહામંત્રી કેતન તાળા, વિજય શિયાણી, નરેન્દ્ર પટેલ, હરેશભાઈ બુસા, ધવલ વડલિયા ભાસ્કર પટેલ, સંજય ખીરસરિયા, કૌશિક ગોવાણી, અર્જુન બરોચિયા, રવી વિરપરિયા, કાર્તિક મેઘપરા, પ્રિન્સ પટેલ, ચિરાગ જસાણી, મયુરસાવલીયાસહિતનાંકાર્યકરોઆઉદઘાટન સમારોહનેલઈનેજહેમત ઉઠાવી રહ્યા છે. કૂર્મી સેનાનું કાર્યાલય સહજાનંદ કોમ્પલેક્ષ, ચશ્મા ઘર ઉપર, મવડી ચોકડી પાસે, રાજકોટ ખાતે શરૂ થવા જઈ રહ્યું છે જયાં સમાજનાં જરૂરિયાત મંદ લોકો માટે અવાજ ઉઠાવવામાં આવશે.


## અમરેલી : અબોલ પશુઓ માટે સંજીવની એટલે ફરતું પશુ દવાખાનું




અમરેલી, તા. ૧૧

ધારી તાલુકાના ગોવિંદપુર ગામમાં દસગામ દીઠ ફરતાં પશુ દવાખાના એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ દ્વારા બાબુભાઈ ભગવાનજીભાઈ ઢોલાની ગાયને શિંગમા કંબોઈ હોવાથી ખુબજ પીડાતી ગાયનેયોગ્યસારવારઆપીપીડામુકત કરી જીવ બચાવવામાં આવ્યો. પશુપાલક બાબુભાઈ ભગવાનજીભાઈ ઢોલાની ગાય શીંગ નીચે નામતુ હોવાથી બાબુ ભાઈએ અમારી ૧૯૬૨ ની ટીમ ને જણાવેલ જેથી તારીખ ૮/૧/૨૦૨૫ના રોજ ધારી પશુ દવાખાનાના ડોકટર જય ચૌહાણ અને દસગામ દીઠ પશુ દવાખાનાનાની હામાપુર ગામની એનિમલ એમ્બ્યુલન્સના કર્મચારી ડોકટરહિમાંશુરાંકઅને પાયલોટ નરેશભાઈ ચૌહાણ દ્વારા કંબોઈનું ઓપશન કરી બાબુભાઈ ભગવાનજીભાઈ ઢોલાની ગાયને પીડામૂકતકરીહતીઆમ, અમરેલીજિલ્લાની દસગામ દીઠ ફરતાં પશુ દવાખાના એનિમલ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા સફળ તાપૂર્વક અબોલ પશુનો જીવ બચાવવામાં આવ્યો હતો તેમજ ખૂબ સારૂ સેવાનું કામ કરવામાંઆવ્યુંહતુ, અમરેલીજિલ્લાનાંપ્રોગ્રામ મેનેજર ડો. Guruaj menkudaleઅને જિલ્લાપ્રોજેકટ કો–ઓર્ડીનેટર સુનિલ લીબાણી દ્વારા અમરેલી જિલ્લા તમામ લોકોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે કોઈપણ જીવ રખડતો ભટકતો હોય અને કોઈપણ તકલીફથી પીડાતી હોય તો તુરંત જ ૧૯૬૨માં કોલ કરી એનિમલ એમ્બ્યુલન્સ બોલાવી અબોલ પશુ પક્ષીઓના જીવ બચાવવાના કઢણા અભિયાનમાં જોડાવા અપીલ કરે છે.

## રાજુલાના ઝાંઝરડા ખાતે આવેલ હજરત આલમત્રા બાબાનો ઉર્ષ શરીફ મુબારક યોજાશે



રાજુલા, તા. ૧૧

રાજુલા પાસે આવેલ ઝાંઝરડા (વેડી) ખાતેહજરત આલમત્રા બાબાનો ઉર્ષ શરીફ મુબારક કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવે છે જેની તારીખ ૧૩/૧/૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવેલ છે જેમાં સંદલ શરીફનો કાર્યક્રમ તારીખ ૧૩/૧/૨૦૨૫ સોમવારનાં રોજ મગરીબ નમાજ બાદ આયોજન કરવામાં આવેલ છે તેમજ નાત શરીફનો કાર્યક્રમ તારીખ ૧૪/૧/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ છે તેમજ ન્યાજનું કાર્યક્રમ તારીખ ૧૪/૧/૨૦૨૫ને બપોરના ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે ત્યારે આ પ્રસંગે કોમી એકતા કમિટી ઝાંઝરડા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## દામનગર : શ્રી વાગડીયા ખોડિયાર મંદિરે આજે નિર્વાણ તિથીની ઉજવણી





દામનગર, તા. ૧૧

દામનગરના ધ્રુફણીયા રોડ ઉપર રેવન્યુ વિસ્તારમાં આવેલ વગડીયા ખોડિયાર મંદિરના સ્થાપક બ્રહ્મલીન મહંત મોહનદાસબાપુનીનિર્વાણતિથિની વર્તમાન મહંત પ્રીતમદાસ બાપુની પાવન નિશ્રામાં પોષ સુદ ૧૪ને રવિવારે તા.૧૨/૧/૨૫ ઉજવણી થશે સમગ્ર રેવન્યુ વિસ્તારના ખેડૂત પરિવાર એવમ સેવક સમુદાય દ્વારા સુંદર આયોજન વગડીયા ખોડિયાર માતાજી સેવક સમુદાય દ્વારા સમાધિ પૂજન સવારે ૭:૦૦ કલાકે મહા પ્રસાદ બપોરે ૧૨–૦૦ કલાકે દર્શનીયસંતોનીઉપસ્થિતિમાંધર્મસભા નામી અનામી કલાવૃંદ દ્વારા સંતવાણીને લઈ સમસ્ત વગડીયા ખોડિયાર માતાજી મંદિર સેવક સમુદાયનું આયોજન.

# બાબરા ખાતે ખેલાડીઓને પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરે પ્રોત્સાહિત કર્યા



બાબરામાં કમલશી હાઈસ્કૂલ ખાતે આયોજિત તાલુકા કક્ષાના ખેલમહાકુંભમાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર ઉપસ્થિત રહ્યા હતા અહી તેમને વિવિધ રમતો તેમજ લાંબી કૂદ ગોળા ફેંક, બરછી ફેંક સહિતની એથલેટિક રમતો નિહાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. આ તકે ઉપપ્રમુખ અંકુર ભાઈ જસાણી, શહેર ભાજપ યુવા પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપ અગ્રણી ભૂપતભાઈ બસિયા, રસિકભાઈ ગોઝારીયા, લલિતભાઈ વેકરીયા, વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.




# અમરેલીમાં નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કો પૂર્ણ

# પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ બાળકીનાં હસ્તે લીંબુ પાણી પીધું

**નિર્દોષ યુવતીને અપમાનીત કરનાર વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહીની માંગ સાથે આંદોલન કરાયું**

**આગામી દિવસોમાં સુરત ખાતે સંમેલન બોલાવીને આંદોલનને વેગવંતુ બનાવાશે**

**આંદોલનમાં પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે સહકાર આપનાર સૌનો આભાર માન્યો**

**કોંગી આગેવાનોને સામાજિક સંસ્થાઓએ પણ આંદોલનમાં પરોક્ષ સમર્થન આપેલ**



અમરેલી, તા. ૧૧

અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનના પ્રથમ તબક્કાનું ધરણા કાર્યક્રમ પુર્ણ જાહેર કરી અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીએ એક નાની બાળકીના હાથે લીંબુ પાણી પીધુ હતું અને ત્યારબાદ પત્રકાર પરિષદને ઉપવાસી છાવણીને સંબોધીને જણાવ્યું હતું કે, પીડિત યુવતીને ન્યાય આપવા માટે થઈ છેલ્લા ૪૮ કલાકના ઉપવાસ કરવા છતાં અને કહેવાતી સંવેદન સરકારની સંવેદના જગાડવામાં પોતે નિષ્ફળ રહયા છે તે વાતનો સ્વીકાર કરતાં પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, રાજયની જનતાને જગાડવામાં પોતે સફળ રહયા છે.

તેઓએ આ આંદોલનને હવે વધુ વેગવંતુ બનાવવા માટે આજથી કાયદાકીય લડતનાં મંડાણ કર્યા છે. જેના ભાગરૂપે પીડિત પાયલ આજે રાજયના પોલીસવડાને મળવા માટે પહોંચી છે. તે પોતાની ઉપર વીતેલી આપવીતીનું વર્ણન કરી અને પોતાને પટ્ટા મારનાર પોલીસ અધિકારી તથા કર્મચારીના પટ્ટા ઉતારી

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)